રા.મ.ન.પા./ઓડીટ/જા.નં.૩૫

ચીફ ઓડીટરશ્રીની કચેરી,
મહાનગર પાલિકા,
રાજકોટ.
તા. ૦૧-૦૮-૨૦૧૭

પ્રતિ,
સેક્રેટરી શ્રી,
રાજકોટ મહાનગરપાલીકા.

વિષયઃ- <u>જી.પી.એમ.સી. એકટની કલમ-૧૦૫ હેઠળનો ત્રિમાસીક ઓડીટ રીપોર્ટ તા.૧-૦૪-૨૦૧૭ થી તા.૩૦-૦૬-૨૦૧૭</u>

જી.પી.એમ.સી.એકટની કલમ-૧૦૫ હેઠળનો તા.૧-૦૪-૨૦૧૭ થી તા.૩૦-૦૬-૨૦૧૭ ના સમયનો ઓડીટ શાખાએ હાથ ધરેલા નિરીક્ષણ દરમ્યાન ધ્યાને આવેલ મહત્વની અનિયમિતતાઓ અંગેનો ત્રિમાસીક રીપોર્ટ પાના નં. ૧ થી ૨૯ મોકલાવાયેલ છે. જે સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવા વિનંતી છે.

સદરહું રીપોર્ટની એક નકલ કમિશ્નરશ્રીને આગળની કાર્યવાહી થવા અલગ રીતે મોકલેલ છે.

ચીફ ઓડીટર
રાજકોટ મહાનગરપાલિકા

**બીડાણઃ-**
પાના નં. ૧ થી ૨૯

**નકલ સાદરઃ-**
(૧) કમિશ્નરશ્રી (જાણ તથા આગળની જરૂરી કાર્યવાહી થવા સારૂ)
(૨) મેયરશ્રી,
રાજકોટ મહાનગરપાલિકા.

# ત્રિમાસીક ઓડીટ રીપોર્ટના સમયગાળા દરમ્યાન રજુ થયેલ જુદા જુદા પ્રકારના બીલો તથા ફાઈલો અને અટકાવેલ ઓવર પેમેન્ટની વિગત

| ક્રમ | શાખાનું નામ | કુલ પારા | પારા નંબર | ટુંકી વિગત | પાના નં. |
|---|---|---|---|---|---|
| ૧ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા | ૮ | ૧ | વોર્ડ– ૩/બી(રજી.૧૪૮૯) સફાઈ કામદાર શ્રી ચૌહાણ દુર્ગાબેન મનજીભાઈ એ વી.આર.એસ. લેતા હક્ક રજા ચુકવવાનું બીલ | ૫ |
| | | | ૨ | સ્પે.કન્ઝરવંસી ના હેવી વ્હીકલ ડ્રાઈવર સ્વ.ડોડીયા ભરતભાઈ કેશુભાઈ નું અવસાન થતા રજુ થયેલ ગ્રેચ્યુઈટી બીલ | ૬ |
| | | | ૩ | વોર્ડ– ૩/બી(રજી.૧૪૯૮) સફાઈ કામદાર શ્રી ચૌહાણ ડી.એમ. એ વી.આર.એસ. લેતા ગ્રેચ્યુઈટી ચુકવવાનું બીલ | ૭ |
| | | | ૪ | સોલીડ વેસ્ટ શાખાનાં નિવૃત સેનેટરી ઈન્સપેકટર શ્રી રાઠોડ રવજીભાઈ મનજીભાઈ નું ૭ માં પગાર પંચ મુજબ રીવાઈઝડ ગ્રેચ્યુઈટી બીલ. | ૮ |
| | | | ૫ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સી.કલાર્ક ને પગાર તફાવત ચુકવવા નું બીલ | ૯ |
| | | | ૬ | વોર્ડ– ૩/બ(રજી.૧૫૦૩) સફાઈ કામદાર શ્રી સુધા વાલજી ગૌરી એ વી.આર.એસ. લેતા હક્ક રજા ચુકવવાનું બીલ | ૧૦ |
| | | | ૭ | સફાઈ કામદાર સ્વ.મકવાણા રાજેપભાઈ કરશનભાઈ નાં વારસદાર મકવાણા જશુબેન રાજેપભાઈ ને હક્ક રજા ચુકવવા નું બીલ. | ૧૧ |
| | | | ૮ | વેસ્ટ ઝોન ના મિત્ર મંડળની કામગીરી નું અપ્રીલ ૨૦૧૭ નું બીલ. | ૧૨ |
| ૨ | ટાઉન પ્લાનીંગ ઈમ્પલીમેન્ટેશન શાખા | ૧ | ૧ | મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત પેકેજ–૨ ના એફોર્ડેબલ હાઉસીંગના બીલની ચુકવવાની થતી રકમમાં સુધારા અંગે | ૧૩ |
| ૩ | બાંધકામ શાખા | ૧ | ૧ | વોર્ડનં.૧૧ ની વોર્ડ ઓફીસ ઉપર પ્રથમ માળ બનાવવાના કામના ચુકવવાની થતી બીલની રકમમાં સુધારા અંગે | ૧૪ |
| ૪ | રેસકોર્ષ સ્વીમીંગ પુલ | ૧ | ૧ | હાયર ગ્રેડ તફાવતના ચુકવવા પાત્ર એરીયર્સ ની રકમમાં સુધારા અંગે. | ૧૫ |
| ૫ | આઈ.ટી.શાખા | ૧ | ૧ | કોમ્પ્યુટર ઓપરેટર શ્રી હેમલ એન.કક્કડ નું ૨૦૧૨–૧૫ ના બ્લોકનું એલ.ટી.સી. પ્રવાસ ના બીલ ની રકમમાં સુધારા અંગે. | ૧૬ |
| ૬ | સેન્ટ્રલ સ્ટોર્સ શાખા | ૧ | ૧ | (N) CODE SOLUTION ને ચુકવવાપાત્ર રકમ માં સુધારા અંગે | ૧૭ |
| ૭ | એસ્ટેટ શાખા | ૧ | ૧ | શ્રી અવંતીબાઈ લોધી હોલ ડીપોઝીટ રીફંડ બીલ | ૧૮ |
| ૮ | ટેક્ષ શાખા | ૧ | ૧ | સહાયક કમિશનરશ્રી એચ.કે.કગથરા ના ઓફીસ કામ સબબ દિલ્હી પ્રવાસ ના મળવાપાત્ર ભથ્થાની રકમમાં સુધારા બાબત. | ૧૯ |

# ત્રિમાસીક ઓડીટ રીપોર્ટના સમયગાળા દરમ્યાન શાખા દ્વારા રજુ કરેલ કર્મચારી/કોન્ટ્રાક્ટર ના બીલોમાં ઓછી આકારેલ રકમમાં ઓડીટ અવલોકન બાદ કરવામાં આવેલ વધારાની વિગત

| ક્રમ | શાખાનું નામ | કુલ પારા | પારા નંબર | ટૂંકી વિગત | પાના નં. |
|---|---|---|---|---|---|
| ૧ | ટાઉન પ્લાનીંગ ઈમ્પલીમેન્ટેશન શાખા | | | MMGY(આવાસ) પેકેજ નં.૪ ના બીલમાં એજન્સીને ચુકવવાપાત્ર રકમ ઓછી ચુકવેલ હોય રકમમાં સુધારા અંગે | ૨૦ |
| ૨ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા | | | વોર્ડ– ૩/બી(રજી.૧૨૬) સફાઈ કામદાર શ્રી લાભુબેન એ. ચૌહાણ એ વી.આર.એસ. લેતા હક્ક રજા ચુકવવાનું બીલ | ૨૧ |
| ૩ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા | | | વોર્ડ– ૩/એ(રજી.૩૬૨) સફાઈ કામદાર શ્રી હેમલતા એમ. પરમાર એ વી.આર.એસ. લેતા હક્ક રજા ચુકવવાનું બીલ | ૨૨ |
| ૪ | બાંધકામ | | | વોર્ડનં.૧૧માં પેવિંગ બ્લોક રીપેરીંગ કામના બીલની ચુકવવાપાત્ર કુલ રકમ માં સુધારા અંગે | ૨૩ |
| ૫ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા | | | વોર્ડનં.૯–અ(રજી.નં.૫૯૦) સફાઈ કામદાર હસમુખ એચ.વાઘેલાને રીવાઈઝડ ગ્રેચ્યુઈટી ચુકવવા નું બીલ. | ૨૪ |

## ત્રિમાસીક ઓડીટ રીપોર્ટના સમયગાળા દરમ્યાનની કામગીરી
## તા.૧/૦૪/૨૦૧૭ થી તા.૩૦/૦૬/૨૦૧૭ સુધી

| ક્રમ | વિગત | તા.૧/૦૪/૧૭ થી તા.૩૦/૦૬/૧૭ દરમ્યાન | કુલ |
|---|---|---|---|
| ૧ | અટકાવેલ ઓવર પેમેન્ટ | ૮,૨૫,૪૨૪ | ૮,૨૫,૪૨૪ |
| ૨ | અટકાવેલ અન્ડર પેમેન્ટ | ૨,૭૦,૬૭૯ | ૨,૭૦,૬૭૯ |
| ૩ | વાઉચર બીલ્સ | ૭,૩૯૯ | ૭,૩૯૯ |
| ૪ | પગાર બીલ્સ | ૬૩૪ | ૬૩૪ |
| ૫ | ફાઈલો | ૧૨૯ | ૧૨૯ |
| ૬ | પેન્શન કેઈસો | ૯૪ | ૯૪ |
| ૭ | હાયર ગ્રેડ કેઈસો | ૧૦ | ૧૦ |

# સો.વે.મેનેજમેન્ટ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો :આસી. મેનેજર,સો.વે.મે. | | તારીખ.૧૭/૦૬/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૩૩૧ | તા.૨૪/૦૫/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૧૨૧૧ | તા.૨૩/૦૫/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા.૨,૩૧,૩૦૦/– | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા.૧,૦૩,૭૨૩/– | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂા.૧,૨૭,૫૭૭/– | |

વિષયઃ– વોર્ડ– ૩/બી(રજી.૧૪૮૯) સફાઈ કામદાર શ્રી ચૌહાણ દુર્ગાબેન મનજીભાઈ એવી.આર.એસ. લેતા હક્ક રજા ચુકવવાનું બીલ

ઓડીટ અવલોકનઃ–

સો.વે.મેનેજમેન્ટ શાખા દ્વારા રજુ થયેલ સફાઈ કામદારનું હક્ક રજા નું રોકડ રૂપાંતર નું બીલ રકમ રૂ.૨,૩૧,૩૦૦/– ની ઓડીટ ચકાસણી કરતા સફાઈ કામદાર ચૌહાણ દુર્ગાબેન મનજીભાઈ ના લીવ કાર્ડ માં વર્ષ–૨૦૧૪ સુધીજ હક્ક રજા ની ગણતરી દર્શાવેલ હતી તેમ છતા ૩૦૦ દિવસ હક્ક રજા નું રોકડ રૂપાંતર નું બીલ રકમ રૂ.૨,૩૧,૩૦૦/– નું રજુ થયેલ હતુ.ઓડીટ શાખા એ સફાઈ કામદાર ના લીવ કાર્ડ મુજબ નીકળતી હક્ક રજા ની ગણતરી કરતા,સફાઈ કામદાર ને ૩૦૦ દિવસ હક્ક રજા ને બદલે ૧૧૦ દિવસ હક્ક રજા મળવા પાત્ર થતી હોય,ઓડીટ શાખા દ્વારા આ વાંધો ઉપસ્થિત કરતા સો.વે.મેનેજમેન્ટ શાખા દ્વારા સફાઈ કામદાર ના લીવ કાર્ડ ની પુનઃગણતરી કરી ને નીકળતી હક્ક રજા ૧૧૦ દિવસ મુજબ રૂ.૧,૦૩,૭૨૩/– નું બીલ ઓડીટ માં રજુ કરેલ,જે ઓડીટ શાખા એ સો.વે.મેનેજમેન્ટ દ્વારા સુધારેલ રકમ રૂ.૧,૨૭,૫૭૭/– ને રજુ થયેલ બીલ રકમ રૂ.૧,૦૨,૭૨૩/– નું બીલ પાસ કરેલ છે.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટરૂા.૧,૨૭,૫૭૭/–**

# સો.વે.મેનેજમેન્ટ શાખા

ઉપાડઅધિકારીનો હોદો : આસી. મેનેજર,સો.વે.મે. તારીખ : ૧૯/૦૪ /૨૦૧૭
ઓડીટ બીલ નં. : ૭૬૯ તા. ૧૩/૦૪/૨૦૧૭

શાખા બીલ નં. : ૪૬૭ તા. ૧૨/૦૪/૨૦૧૭

બીલની કુલ રકમ રૂા. ૧૨,૩૭,૫૦૦/–

સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ રૂા. ૧૧,૬૨,૫૦૦/–

અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા. ૭૫,૦૦૦/–

વિષયઃ– સ.પે.કન્ઝરવંસી ના હેવી વ્હીકલ ડ્રાઈવર સ્વ.ડોડીયા ભરતભાઈ કેશુભાઈ નું અવસાન થતા રજુ થયેલ ગ્રેચ્યુઈટી બીલ

ઓડીટ અવલોકનઃ–

સોલીડ વેસ્ટ શાખા દ્વારા સ્વ.ડોડીયા ભરત કેશુભાઈ નું અવસાન થતા તેમના વારસદાર પત્નિ કિરણબેન ભરતભાઈ ડોડીયા ને ચુકવવાપાત્ર ગ્રેચ્યુઈટી નું બીલ રકમ રૂ.૧૨,૩૭,૫૦૦/– ઓડીટ શાખા માં રજુ થયેલ હતું,ઓડીટ ચકાસણી દરમ્યાન મજકુરની સેવા પોથી ચકાસતા કર્મચારી ને વારંવાર સસ્પેન્ડ કરવામાં આવેલ હતા તેઓની સેવા ૩૪ વર્ષ ૦૨ માસ ૧૨ દિવસ હતી તે મુજબ શાખાએ નિયમ મુજબ સસ્પેન્શન સમય નોકરી સેવામાંથી બાદ કરેલ ન હતો જેથી સસ્પેન્શન સમય ૦૨ વર્ષ ૧૧ માસ ૧૩ દિવસ કુલ ફરજના દિવસો માંથી બાદ કરવાનો થતો હોય આ અંગે ઓડીટ વાંધો લઈ બીલ પરત કરેલ,શાખા દ્વારા વાંધો માન્ય રાખી બીલ સુધારી રકમ રૂ.૧૧,૬૨,૫૦૦/–નું સુધારેલ બીલ ઓડીટ શાખામાં રજુ થતા સુધારેલ રકમ રૂ.૧૧,૬૨,૫૦૦/– નું બીલ ઓડીટે પાસ કરેલ.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા. ૭૫,૦૦૦/–**

# સો.વે.મેનેજમેન્ટ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો :આસી. મેનેજર,સો.વે.મે. | | તારીખ : ૦૯/૦૬/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | :૩૯૬૫ | તા. ૨૪/૦૫/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૧૨૧૨ | તા. ૨૬/૦૫/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા. ૩,૮૩,૪૦૦/– | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા. ૩,૩૯,૪૫૬/– | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂા. ૪૩,૯૪૪/– | |

વિષય:– વોર્ડ– ૩/બી(રજી.૧૪૯૮) સફાઈ કામદાર શ્રી ચૌહાણ ડી.એમ એ વી.આર.એસ. લેતા ગ્રેચ્યુઈટી ચુકવવાનું બીલ

ઓડીટ અવલોકન:–

સો.વે.મેનેજમેન્ટ શાખા દ્વારા ઉપરોકત વિગતે રજુ થયેલ બીલની ચકાસણી કરતા નોકરીના સેવા વર્ષ મુજબ કુલ ગ્રેચ્યુઈટી ની રકમ રૂ.૩,૩૯,૪૫૬/– થાય છે.અને ગ્રેચ્યુઈટી ની રકમ ચુકવવાનો હુકમ પણ રૂ.૩,૩૯,૪૫૬/– નો કરવામાં આવેલ પરંતુ વાઉચર બીલ રૂ.૩,૮૩,૪૦૦/– નું રજુ થયેલ. આ અંગે ઓડીટ વાંધો ઉપસ્થિત કરી બીલ સો.વે.મેનેજમેન્ટ શાખામાં પરત મોકલેલ સો.વે.મેનેજમેન્ટ શાખા એ ઓડીટ વાંધો માન્ય રાખી બીલમાંથી વાંધાની રકમ રૂ.૪૩,૯૪૪/– બાદ કરી બીલ સુધારીને રૂ.૩,૩૯,૪૫૬/– નું રજુ કરતા સુધારેલ બીલ પાસ કરવામાં આવેલ છે.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા. ૪૩,૯૪૪/–**

# સો.વે.મેનેજમેન્ટ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : આસી.મેનેજર,સો.વે.મે. | | તારીખ : ૦૧/૦૫/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૯૪૧ | તા. ૧૭/૦૪/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૪૯૩ | તા. ૧૪/૦૪/૨૦૧૭ |
| બીલની કુલ રકમ રૂ. | રૂા. ૧,૪૮,૬૨૪/– | તા. ૧૪/૦૪/૨૦૧૭ |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા.૧,૨૭,૭૬૦/– | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂા.૨૦,૮૬૪/– | |

વિષયઃ– સોલીડ વેસ્ટ શાખાનાં નિવૃત સેનેટરી ઈન્સપેકટર શ્રી રાઠોડ રવજીભાઈ મનજીભાઈ નું ૭ માં પગાર પંચ મુજબ રીવાઈઝડ ગ્રેચ્યુઈટી બીલ.

ઓડીટ અવલોકનઃ–

સોલીડ વેસ્ટ શાખા દ્વારા શાખા બીલ નં.૪૯૩ તા.૧૭/૦૪/૧૭ ઓડીટ બીલ નં.૯૪૧ તા.૧૭/૦૪/૧૭ રૂ.૧,૪૮,૬૨૪/– નું રીવાઈઝ ગ્રેચ્યુઈટી બીલ ઓડીટ માં રજુ કરેલ. આ બીલ ની ઓડીટ ચકાસણી દરમ્યાન માલુમ પડેલ કે કર્મચારી ને.૧૨૫% ડી.એ. વધતા ચુકવેલ ગ્રેચ્યુઈટી તફાવત શાખા દ્વારા હાલ રજુ થયેલ બીલમાંથી ગણત્રી માં બાદ કરેલ ન હોય આ અંગે ઓડીટે વાંધો લેતા શાખાએ વાંધો માન્ય રાખી વાંધાની રકમ નુ બીલ સુધારી ને રૂ.૧,૨૭,૭૬૦/– નું બીલ રજુ કરેલ જે સુધારેલ બીલ ઓડીટ શાખાએ પાસ કરેલ.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા.૨૦,૮૬૪/–**

# સો.વે.મેનેજમેન્ટશાખા

ઉપાડઅધિકારીનો હોદો :આસી. મેનેજર,સો.વે.મે. તારીખ :૦૯/૦૫/૨૦૧૭
ઓડીટ બીલ નં. : ૨૧૪ તા.૦૫/૦૫/૨૦૧૭

શાખા બીલ નં. : ૭૩૧ તા.૦૪/૦૫/૨૦૧૭

ચુકવવા પાત્ર કુલ રકમ : રૂ. ૪૦,૯૧૫/-

સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ : રૂા.૨૫,૭૦૫/-

અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ: રૂ.૧૫,૨૧૦/-

વિષયઃ- સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સી.કલાર્ક શ્રી ને પગાર તફાવત ચુકવવા નું બીલ

ઓડીટ અવલોકનઃ-

સો.વે.મેનેજમેન્ટ દ્વારા રજુ થયેલ સી.કલાર્ક ને પગાર તફાવત ચુકવવા નું બીલ રકમ રૂ.૪૦,૯૧૫/- ની ઓડીટ ચકાસણી કરતા સી.કલાર્ક ને ચુકવેલ પગાર માહે મે-૧૬ થી સપ્ટેમ્બર-૧૬ ના બેઝીક ૯૩૦૦+૪૨૦૦=૧૩,૫૦૦/- મુજબ પગાર ચુકવેલ,જયારે ખરેખર ચુકવવા પાત્ર બેઝીક ૧૨,૫૮૦+૪૨૦૦=૧૬,૭૮૦/- થતો હોય અને તે મુજબ ગણત્રી કરતા પગાર તફાવતની રકમ રૂ.૪૦,૯૧૫/- નુ બીલ આકારેલ હતું.તે ઉપરાંત ઓગષ્ટ-૧૬ થી સપ્ટેમ્બર-૧૬ નું સાતમા પગાર પંચ નુ અરીયર્સ રકમ રૂ.૨૭,૨૦૪/- ચુકવેલ.જે મુજબ બેઝીક પગાર સુધરતા સાતમા પગાર પંચ નું એરીયર્સ ની રકમ રૂ.૧૧,૯૯૪/- ચુકવવા પાત્ર થતી હોય.જથી તફાવત ની રકમ રૂ.૧૫,૨૧૦/- રીકવરી કરવાની થતી હોય,આ અંગે ઓડીટ વાંધો ઉપસ્થિત કરી સો.વે.મેનેજમેન્ટ શાખા માં બીલ પરત મોકલતા શાખાએ વાંધો માન્ય રાખી ને સાતમા પગાર પંચ ના એરીયર્સ તફાવત ની રકમ રૂ.૧૫,૨૧૦/- બીલ માંથી બાદ કરી સુધારેલ રકમ રૂ.૨૫,૭૦૫/- નું બીલ ઓડીટ શાખા માં રજુ કરેલ જે ઓડીટ પાસ કરેલ છે.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂ.૧૫,૨૧૦/-**

# સો.વે.મેનેજમેન્ટશાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : આસી. મેનેજર,સો.વે.મે. | | તારીખ: ૧૭/૦૬/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૫૩૭ | તા. ૦૨/૦૬/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૧૧૪૩ | તા.૧૮/૦૫/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા. ૨,૩૧,૩૦૦/– | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા. ૨,૧૬,૮૭૫/– | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂા. ૧૪,૪૨૫/– | |

વિષય:– વોર્ડ– ૩/બ(રજી.૧૫૦૩) સફાઈ કામદાર શ્રી સુધા વાલજી. ગૌરી એ વી.આર.એસ. લેતા હક્ક રજા ચુકવવાનું બીલ

ઓડીટ અવલોકન:–

ઉપરોકત વિગતે રજુ થયેલ બીલ ની સાથે રજુ થયેલ લીવ કાર્ડ ની ચકાસણી કરતા શાખા દ્વારા કર્મચારી ની લેણી થતી કોમ્યુટેડ રજા કરતા વધુ રજા મંજુર કરેલ હતી.જે રજા નીયમોનુસાર મળી શકે તેમના હોઈ.ઓડીટ શાખા એ વાંધો ઉપસ્થિત કરી સો.વે.મેનેજમેન્ટ શાખા માં બીલ પરત મોકલેલ સો.વે.મેનેજમેન્ટ શાખા એ ઓડીટ વાંધો માન્ય રાખી,કોમ્યુટેડ રજા ના બદલે હક્ક રજા માંથી તે રજા બાદ કરી લીવ કાર્ડ તથા બીલ સુધારી ને રજુ કરેલ છે. સો.વે.મેનેજમેન્ટ શાખા એ સુધારેલ રકમ રૂ.૧૪,૪૨૫/– ને રજુ કરેલ ૨૩૦ દિવસ હક્ક રજા નું રોકડ રૂપાંતર નું બીલ સાતમા પગાર પંચ મુજબ રૂ.૨,૧૬,૮૭૫/– નુ ઓડીટ શાખા એ પાસ કરેલ છે.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા. ૧૪,૪૨૫/–**

# સો.વે.મેનેજમેન્ટશાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો :આસી. મેનેજર,સો.વે.મે. | | તારીખ : ૧૭/૦૪/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૭૧ | તા.૦૪/૦૪/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૫૮ | તા.૦૧/૦૪/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા. ૫૮,૫૩૦/– | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા. ૫૬,૭૭૨/– | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂા. ૧૭૫૮/– | |

વિષયઃ– સફાઈ કામદાર સ્વ.મકવાણા રાજેષભાઈ કરશનભાઈ નાં વારસદાર મકવાણા જશુબેન રાજેષભાઈ ને હક્ક રજા ચુકવવા નું બીલ.

ઓડીટ અવલોકનઃ–

સો.વે.મેનેજમેન્ટ શાખા દ્વારા બીલનં.૫૮ તા.૦૧/૦૪/૧૭ ના રોજ ઓડીટ શાખામાં રજુ થયેલ બીલ સાથે રજુ થયેલ લીવ કાર્ડ ની ચકાસણી દરમ્યાન માલુમ પડેલ કે વર્ષ–૨૦૧૬ માં કર્મચારી એ ભોગવેલ રજા ૩ર હતી,જે શાખા દ્વારા ગણતરી માં ૨૯ લીધેલ હતી અને રૂ.૫૮,૫૩૦/– નું બીલ ઓડીટ માં રજુ થયેલ હતુ.

આ અંગે ઓડીટ વાંધો ઉપસ્થિત કરી બીલ શાખામાં પરત મોકલાવેલ. શાખા દ્વારા વાંધો માન્ય રાખી રૂ.૫૬,૭૭૨/– નું સુધારેલ બીલ ઓડીટ માં રજુ કરેલ.આ સુધારો યોગ્ય જણાતા રૂ.૫૬,૭૭૨/– નું બિલ ઓડીટ દ્વારા પાસ કરવામાં આવેલ.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા. ૧૭૫૮/–**

# સો.વે.મેનેજમેન્ટશાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : નાયબ પર્યાવરણ ઈજનેર | | તારીખ : ૧૩/૦૬/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | :૩૮૭૭ | તા.૨૩/૦૫/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૧૦૨૫ | તા.૧૨/૦૫/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા. ૨૬,૯૯૦/– | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા. ૨૫,૪૦૦/– | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂા. ૧૫૯૦/– | |

વિષયઃ– વેસ્ટ ઝોન ના મિત્ર મંડળની કામગીરી નું એપ્રીલ ૨૦૧૭ નું બીલ.

ઓડીટ અવલોકનઃ–

ઉકતવિષયે ભૂમી મિત્ર મંડળ નું બીલ સો.વે.મેનેજમેન્ટ શાખા દ્વારા ઓડીટ અર્થે રજુ કરવામાં આવેલ.ઓડીટ અવલોકન દરમ્યાન તા.૧૮ થી ૩૦ સુધીમાં મંથલી અને ડેઈલી રીપોંટ મુજબની પેનલ્ટીમાં ભુલ જણાતા ઉકત બીલ સુધારા અર્થે સો.વે.મેનેજમેન્ટ શાખામાં પરત મોકલવામાં આવેલ.

ઓડીટ વાંધો માન્ય રાખી સો.વે.મેનેજમેન્ટ શાખા દ્વારા ઉકત બીલની રકમ માં સુધારો કરી નવું રૂ.૨૫,૪૦૦/– નું બીલ ઓડીટ અર્થે રજુ કરેલ.

આમ ઓડીટ ચકાસણીદરમ્યાન કુલ રૂ.૧૫૯૦/– ઓવર પેમેન્ટ થતુ અટકાવવામાં આવેલ છે.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા. ૧૫૯૦/–**

# TOWN PLANNING IMPLIMENTATION(TPI)

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : સીટી એન્જીનીયર(સ્પે.) | | તારીખ : ૧૧/૦૪/૨૦૧૭ |
| ૨૦૧૬–૧૭ ઓડીટ બીલ નં. | : ૨૮૬૯૯ | તા. ૦૪/૦૩/૨૦૧૭ |
| ૨૦૧૬–૧૮ ઓડીટ બીલ નં. | : ૪૪૫ | તા. ૧૦/૦૪/૨૦૧૭ |
| ૨૦૧૬–૧૭ શાખા બીલ નં. | : ૩૪૫ | |
| ૨૦૧૭–૧૮ શાખા બીલ નં. | : ૧૪ | |
| બીલની કુલ રકમ | રૂા.૬,૪૪,૬૩,૩૮૦/– | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા.૬,૪૦,૫૨,૨૭૮/– | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂા. ૪,૧૧,૧૦૨/– | |

વિષયઃ– મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત પેકેજ–૨ ના એફોર્ડેબલ હાઉસીંગના બીલની ચુકવવાની થતી રકમમાં સુધારા અંગે

ઓડીટ અવલોકનઃ–

ટાઉન પ્લાનીંગ ઈમ્પ્લીમેન્ટેશન(TPI)શાખા દ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત પેકેજ–૨ નું એફોર્ડેબલ હાઉસીંગ બનાવવાના કામનું 14$^{Th}$અને ફાઈનલ બીલ ઓડીટ શાખા માં રજુ થયેલ જેમાં ઓડીટ ચકાસણી દરમ્યાનજથ્થામાં રકમની ગણતરી માં વિગેરેમાં કેટલીક ક્ષતીઓ જણાયેલ જે અંગે ઓડીટ શાખા દ્વારા વાંધો ઉપસ્થિત કરાયેલ જે TPI શાખા દ્વારા માન્ય રાખી,બીલ માં જરૂરી સુધારા કરી વાંધા હેઠળની રકમ રૂ.૪,૧૧,૧૦૨/– બાદ કરી ને સુધારીને રૂ.૬,૪૦,૫૨,૨૭૮/– ઓડીટમાં રજુ કરેલ બીલ પાસ કરેલ છે.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા. ૪,૧૧,૧૦૨/–**

# બાંધકામ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : એડ.સીટી એન્જીનીયર | | તા. ૨૨/૦૫/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૧૨૧૦ | તા.૧૮/૦૪/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૧૪ | તા.૧૮/૦૪/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા. ૧૭૯૦૫૪/– | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા.૧૦૨૧૧૪/– | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂા.૭૬,૯૪૦/– | |

વિષયઃ– વોર્ડનં.૧૧ ની વોર્ડ ઓફીસ ઉપર પ્રથમ માળ બનાવવાના કામના ચુકવવાની થતી બીલની રકમમાં સુધારા અંગે

ઓડીટ અવલોકનઃ–

બાંધકામ શાખા દ્વારા વોર્ડનં.૧૧ ની વોર્ડ ઓફીસ ઉપર પ્રથમ માળ બનાવવાના કામનું કન્ટ્રકશન નું રૂ.૧,૭૯,૦૫૪/– 3RD અને ફાઈનલ બીલ ઓડીટ શાખામાં રજુ થયેલ જેમાં ઓડીટ ચકાસણી દરમ્યાન કોન્ટ્રાકટર બીલ ફોર્મ આઈટમ નંબર ૨૧,૨૨ અને ૨૩ માં દર્શાવેલ જથ્થામાં રકમમાં તથા ફાઈનલ બીલમાં દર્શાવેલ અગાઉ ચુકવાયેલ કુલ રકમમાં બાંધકામ શાખા દ્વારા ગણતરીમાં ચોકસાઈ રાખવામાં આવેલ ન હોઈ.ભુલ જણાયેલ જે અંગે ઓડીટ શાખા દ્વારા વાંધો ઉપસ્થિત કરાયેલ જે બાંધકામ શાખા દ્વારા માન્ય રાખી વાંધા હેઠળની રકમ રૂ.૭૬,૯૪૦/– બાદ કરી સુધારીને રૂ.૧,૦૨,૧૧૪/– નુ રજુ થયેલ બીલ પાસ કરેલ છે.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા.૭૬,૯૪૦/–**

# રેસકોર્ષ સ્વીમીંગ પૂલ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : ઓફીસર ઓન સ્પેશ્યલ ડયુટી | | તારીખ. ૩૧/૦૫/૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૨૩૦ | તા.૦૮/૦૫/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૫ | તા.૦૬/૦૫/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા. ૨,૨૩,૩૪૧/- | |
| સુધારાબાદ રજૂ થયેલ બીલની રકમ | રૂા.૧,૯૫,૫૭૧/- | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂા.૨૭,૭૭૦/- | |

વિષયઃ- હાયર ગ્રેડ તફાવતના ચુકવવા પાત્ર એરીયર્સ ની રકમમાં સુધારા અંગે.

ઓડીટ અવલોકનઃ-

સ્નાનાગાર ના કર્મચારીશ્રી પી.આર.લીમ્બાસીયા ને તા.૧૫/૦૫/૧૪ થી દ્વિતીય હાયર ગ્રેડ મંજૂર થતા તફાવતનું એરીયર્સ નું રૂ.૨,૨૩,૩૪૧/- બીલ ઓડીટ શાખામાં રજૂ થયેલ જેમાં ઓડીટ ચકાસણી દરમ્યાન ઓકટો-૧૬ થી માર્ચ-૧૭ માં ચુકવવાપાત્ર પગાર તફાવતની ગણતરી માં ભૂલ જણાયેલ જે અંગે ઓડીટ શાખા દ્વારા વાંધો ઉપસ્થિત કરવામાં આવેલ જે સ્નાનાગાર શાખા દ્વારા માન્ય રાખી વાંધા હેઠળ ની રકમ રૂ.૨૭,૭૭૦/- બાદ કરી સુધારીને રૂ.૧,૯૫,૫૭૧/- નુ રજૂ કરેલ બીલ પાસ કરેલ છે.

આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા.૨૭,૭૭૦/-

# આઈ.ટી.શાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો :i/C ડીરેકટર આઈ.ટી. | | તારીખ.૦૯/૦૫/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૨૬૪૧ | તા.૦૮/૦૫/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૩૯ | તા.૦૬/૦૫/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા. ૧૫,૬૬૮ તા.૧૬/૦૩/૨૦૧૭ | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા.૧૨,૩૬૮/– | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂા.૩,૩૦૦/– | |

વિષયઃ– કોમ્પ્યુટર ઓપરેટર શ્રી હેમલ એન.કક્કડ નું ૨૦૧૨–૧૫ ના બ્લોકનું એલ.ટી.સી. પ્રવાસ ના બીલ ની રકમમાં સુધારા અંગે.

ઓડીટ અવલોકનઃ–

ઉકતવિષયે આઈ.ટી. શાખા દ્વારા ઉકત કર્મચારી નું એલ.ટી.સી. પ્રવાસ અંગેનું રૂ.૧૫,૬૬૮/– નું બીલ ઓડીટ અર્થે રજુ કરવામાં આવેલ.

ઓડીટ ચકાસણી દરમ્યાન સરકારશ્રી ના ૨૨/૦૩/૨૦૧૬ ના એલ.ટી.સી. પ્રવાસ અંગેના છેલ્લા ઠરાવ મુજબ મળવાપાત્ર ભાડુ આકારવામાં આવેલ ન હોઈ જે અંગેનો વાંધો ઉપસ્થિત કરી ઉકત બીલ આઈ.ટી. શાખામાં વાંધા પૂર્તતા અર્થે પરત મોકલવામાં આવેલ.

આઈ.ટી. શાખા દ્વારા ઉકત વાંધો માન્ય રાખી કર્મચારી ના કુલ બીલ માંથી રૂ.૩,૩૦૦/– ની કપાત કરી રૂ.૧૨,૩૬૮/– નું સુધારેલ બીલ રજુ થતા બીલ પાસ કરેલ.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા.૩,૩૦૦/–**

# સેન્ટ્રલ સ્ટોર્સ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : આસીસ્ટન્ટ મેનેજર | | તારીખ.૦૭/૦૬/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૪૦૪૪,૪૦૪૫,૪૦૫૦ | તા.૨૫/૦૫/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૨૫,૨૭,૩૧ | તા.૨૦/૦૫/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂ.૧૨૯૩૯+૮૬૨૬+૮૬૨૬=૩૦૧૯૧ | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂ.૧૧૬૪૫+૭૭૬૩+૭૭૬૩=૨૭૧૭૧ | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂ.૧૨૯૪+૮૬૩+૮૬૩=૩૦૨૦ | |

વિષયઃ– (N) CODE SOLUTIONને ચુકવવાપાત્ર રકમ માં સુધારા અંગે.

ઓડીટ અવલોકનઃ–

સેન્ટ્રલ સ્ટોર્સ શાખા દ્વારા (N) CODE SOLUTIONના ઈ–ટેન્ડર સર્વિસ કામના અલગ અલગ બીલો ઓડીટ શાખામાં શાખા બીલનં.૨૫,૨૬, તથા ૩૧ તા.૨૦/૦૫/૧૭ થી અનુક્રમે રકમ (૧)રૂ.૧૨૯૩૯ (૨)રૂ.૮૬૨૬ તથા (૩)રૂ.૮૬૨૬ પાસ થવા રજુ થયેલ.જેમાં ઓડીટ ચકાસણી દરમ્યાન એજન્સીના બીલમાંથી નિયમોનુસાર આઈ.ટી. કપાત ન કર્યાનું માલુમ પડેલ જે અંગે ઓડીટ શાખા દ્વારા વાંધો ઉપસ્થિત કરાયેલ.જે સેન્ટ્રલ સ્ટોર્સ શાખા દ્વારા માન્ય રાખી બીલમાંથી વાંધા હેઠળની રકમ અનુક્રમે (૧)રૂ.૧૨૯૪ (૨)રૂ.૮૬૩ તથા (૩)રૂ.૮૬૩ કુલ રૂ.૩૦૨૦/– એજન્સી ને ચુકવવાપાત્ર રકમ માંથી બાદ કરી સુધારીને રજુ કરેલ છે.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂ.૩૦૨૦/–**

# એસ્ટેટ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : આસીસ્ટન્ટ મેનેજર | | તારીખ.૩૦/૦૫/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૪૩૭૧ | તા.૩૦/૦૫/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૪૬૩ | તા.૨૬/૦૫/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા.૨૦૦૦/- | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા.૫૦૦/- | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂા.૧૫૦૦/- | |

વિષય:- શ્રી અવંતીબાઈ લોધી હોલ ડીપોઝીટ રીફંડ બીલ

ઓડીટ અવલોકન:-

શાખા તરફથી રજુ કરવામાં આવેલ ઉપરોકત રીફંડ બીલમાં સામેલ હુકમમાં પાર્ટીને ડીપોઝીટ રૂ.૨૦૦૦/- ના ૭૫% મુજબ રૂ.૧૫૦૦ વસુલી ૨૫% મુજબ રૂ.૫૦૦/- પરત કરવાના હતા.પરંતુ વાઉચર બીલ રૂ.૨૦૦૦/-- નું રીફંડ આપવાનું રજુ કરેલ.આ અંગે ઓડીટે વાંધો રજુ કરતા શાખા દ્વારા વાંધો રજુ કરતા શાખા દ્વારા વાંધોમાન્ય રાખી બીલ સુધારીને( રૂ.૨૦૦૦/- ને બદલે રૂ.૧૫૦૦/- બાદ કરીને) રૂ.૫૦૦/- નું રજુ થતા તે બીલ પાસ કરેલ છે.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા.૧૫૦૦/-**

# ટેક્ષ(સેન્ટ્રલ ઝોન)

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : આસી.મેનેજર | | તારીખ.૧૫/૦૬/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૧૬૦૭ | તા.૨૫/૦૪/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૧૩ | તા.૨૪/૦૪/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા. ૨૧,૭૦૬/– | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા.૨૦,૨૮૨/– | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | રૂા.૧,૪૨૪/– | |

વિષયઃ– સહાયક કમિશ્નરશ્રી એચ.કે.કગથરા ના ઓફીસ કામ સબબ દિલ્હી પ્રવાસ ના મળવાપાત્ર ભથ્થાની રકમમાં સુધારા બાબત.

ઓડીટ અવલોકનઃ–

સેન્ટ્રલ ઝોન ટેક્ષ શાખા દ્વારા સહાયક કમિશ્નરશ્રી એચ.કે.કગથરા નું ઓફીસ કામ સબબ દિલ્હી પ્રવાસ નું રૂ.૨૧,૭૦૬/– નું બીલ ઓડીટમાં રજુ થયેલ જેનાં મળવાપાત્ર ટેક્ષી ભાડાની રકમમાં ભુલ જણાતા ઓડીટ શાખા દ્વારા વાંધો ઉપસ્થિત કરાયેલ જે ટેક્ષ શાખા દ્વારા માન્ય રાખી વાંધા હેઠળની રકમ રૂ.૧,૪૨૪/– બાદ કરી સુધારીને રૂ.૨૦,૨૮૨/– નું રજુ કરેલ બીલ પાસ કરેલ છે.

**આ બીલ માંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા.૧,૪૨૪/–**

# TOWN PLANNING IMPLIMENTATION(TPI)

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : સીટી એન્જીનીયર(સ્પે.) | | તારીખ. ૦૭/૦૬/૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૪૧૮૯ | તા.૨૬/૦૫/૨૦૧૭ |
| શાખા બીલ નં. | :૬૯ | તા. ૨૦/૦૫/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા. ૨૬૨૪૯૪૭૯૫/– | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા.૨૬૨૬૪૯૧૨૫/– | |
| બીલમાં થતો રકમ વધારો | રૂા.૧,૫૪,૩૩૦/– | |

વિષયઃ– MMGY(આવાસ) પેકેજ નં.૪ ના બીલમાં એજન્સીને ચુકવવાપાત્ર રકમ ઓછી ચુકવેલ હોય રકમમાં સુધારા અંગે

ઓડીટ અવલોકનઃ–

મુખ્યમંત્રી ગૃહ યોજના પેકેજ નં.૪ મુજબ આવાસ બનાવવાના કામનુંટાઉન પ્લાનીંગ ઈમ્પ્લીમેન્ટેશન(TPI)શાખા દ્વારા ૧૩ મું અને ફાઈનલ બીલ ઓડીટ શાખામાં રજુ થયેલ જેમાં ઓડીટ ચકાસણી દરમ્યાન નીચે મુજબની ક્ષતિ જણાયેલ.

PLOT NO.5C PART-2 ઈન્ફાસ્ટ્રકચર વર્ક આઈટમનં.2.1.3(C) PLINTH BEAM/TIE BEAM મેઝરમેન્ટ શીટમાં દર્શાવેલ માપ મુજબનો જથ્થો એબસ્ટ્રેક શીટમાં ગણતરી માં લીધેલ ન હતો જેથી એજન્સી ને રૂ.૧,૫૪,૩૩૦/– નું ઓછું ચુકવણું થતું હોવાનું ઓડીટના ધ્યાને આવેલ.એજન્સીનું ફાઈનલ બીલનું ચુકવણું હોવા છતા TPI શાખા દ્વારા ગણતરીમાં ચોકસાઈ રાખવામાં ન આવેલ ઉપરોકત બાબતે ઓડીટ શાખા દ્વારા વાંધો ઉપસ્થિત કરવામાં આવેલ જે TPI શાખા દ્વારા માન્ય રાખી એજન્સીને ચુકવવાપાત્ર રકમ જેની ગણતરી બીલમાં કરેલ ન હતી તે રકમ રૂ.૧,૫૪,૩૩૦/– સુધારીને રૂ.૨૬૨૬૪૯૧૨૫/– નું રજુ કરેલ બીલ પાસ કરેલ છે.

# સો.વે.મેનેજમેન્ટ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : આસી. મેનેજર,સો.વે.મે. | | તારીખ : ૨૮/૦૬/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૩૩૦ | તા. ૨૪/૦૫/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૧૨૦૩ | તા. ૨૩/૦૫/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા. ૨,૧૬,૬૫૭/– | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા. ૨,૯૫,૩૬૦/– | |
| બીલ માં થતો રકમ વધારો | રૂા. ૭૮,૭૦૩/– | |

વિષયઃ– વોર્ડ– ૩/બી(રજી.૧૨૬) સફાઈ કામદાર શ્રી લાભુબેન એ. ચૌહાણ એ વી.આર.એસ. લેતા હક્ક રજા ચુકવવાનું બીલ

ઓડીટ અવલોકનઃ–

ઉપરોકત વિગતે રજુ થયેલ હક્ક રજા ના રોકડ રૂપાંતર ના બીલ રકમ રૂ.૨,૧૬,૬૫૭/– ની ઓડીટ ચકાસણી કરતા.કર્મચારી ને ચુકવાપાત્ર ૨૬૬દિવસ હક્ક રજા નું રોકડ રૂપાંતર છઠ્ઠા પગાર પંચ મુજબ ગણતરી કરી ને રૂ.૨,૧૬,૬૫૭/– નું બીલ રજુ થયેલ હતું.જયારે બીલ સાથે રજુ થયેલ કર્મચારી ના લીવ કાર્ડ તપાસતા ૭૯ દિવસ ની હક્ક રજા ઓછી આકરેલ હતી.જે ઓડીટ શાખા દ્વારા વાંધો ઉપસ્થિત કરતા.સો.વે.મેનેજમેન્ટ શાખા એ હક્ક રજા ના હિસાબ માં ભુલ હોય, તે વાંધો માન્ય રાખી કર્મચારી ના લીવકાર્ડ માં હક્ક રજા ની ગણતરી સુધારી ૩૦૦ દિવસ હક્ક રજા દર્શાવી તેનું રોકડ રૂપાંતર સાત માં પગાર પંચ મુજબ ગણતરી કરી ને રૂ.૨,૯૫,૩૬૦/– નું બીલ રજુ કરેલ. ઓડીટ શાખા એ આ સુધારેલ રકમ રૂ.૨,૯૫,૩૬૦/– નું બીલ પાસ કરેલ છે.

# સો.વે.મેનેજમેન્ટ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : આસી.મેનેજર,સો.વે.મે. | | તારીખ : ૩૦/૦૬/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૫૪૯ | તા. ૦૫/૦૬/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૧૨૦૬ | તા. ૨૩/૦૫/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા. ૧,૧૧,૭૯૫/– | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા. ૧,૩૨,૯૫૪/– | |
| બીલમાં થતા રકમમાં વધારો | રૂા. ૨૧,૧૫૯/– | |

વિષયઃ– વોર્ડ– ૩/એ(રજી.૩૬૨) સફાઈ કામદારશ્રી હેમલતા એમ.પરમાર એ વી.આર.એસ. લેતા હક્ક રજા ચુકવવાનું બીલ

ઓડીટ અવલોકનઃ–

ઉપરોકતવિગતે રજુ થયેલ બીલ રકમ રૂ.૧,૧૧,૭૯૫/– ની ઓડીટ ચકાસણી કરતા,કર્મચારી ને ચુકવવાપાત્ર ૧૨૨ દિવસ હક્ક રજા નું રોકડ રૂપાંતર છઠ્ઠા પગાર મુજબ ગણતરી કરીને રૂ.૧,૧૧,૭૯૫/– નું બીલ રજુ થયેલ હતું.જયારે બીલ સાથે રજુ થયેલ કર્મચારી ના લીવકાર્ડ તપાસતા ૧૩ દિવસ ની હક્ક રજા ઓછી આકારેલ હતી અને કોમ્યુટેડ રજા ની ગણતરી કરતા ૬૪ દિવસ ની બેલેન્સ હતી.જે કોમ્યુટેડ ૬૪ દિવસ રજા નુ હક્ક રજા માં રૂપાંતર કરેલ ન હતું જે ઓડીટ શાખા દ્વારા વાંધો ઉપસ્થિત કરતા સો.વે.મેનેજમેન્ટ શાખા એ હક્ક રજા/કોમ્યુટેડ રજા ના હિશાબ માં ભુલ હોય તે વાંધો માન્ય રાખી ને કર્મચારી ના લીવકાર્ડ માં હક્ક રજા અને કોમ્યુટેડ રજા ની ગણતરી સુધારી ને ૧૭૩ દિવસ હક્ક રજા દર્શાવી તેનુ રોકડ રૂપાંતર સાતમાં પગાર પંચ મુજબ ગણતરી કરીને રૂ.૧,૩૨,૯૫૪/– નું બીલ રજુ કરેલ.ઓડીટ શાખાએ સુધારેલ રકમ રૂ.૧,૩૨,૯૫૪/– નું બીલ પાસ કરેલ છે.

# બાંધકામ(વેસ્ટ)શાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો : ડે.એકઝી.એન્જીનીયર | | તા.૩૦/૦૬/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૭૦૬૯ | તા.૨૩/૦૬/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૩૦૪ | તા.૨૩/૦૬/૨૦૧૭ |
| બીલની કુલ રકમ | રૂા. ૨૧,૪૮૬/– | |
| સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ | રૂા.૩૪,૯૭૩/– | |
| બીલમાં થતો રકમમાં વધારો | રૂા.૧૩,૪૮૭/– | |

વિષયઃ– વોર્ડનં.૧૧માં પેવિંગ બ્લોક રીપેરીંગ કામના બીલની ચુકવવાપાત્ર કુલ રકમ માં સુધારા અંગે

ઓડીટ અવલોકનઃ–

બાંધકામ શાખા વેસ્ટ ઝોન દ્વારા વોર્ડનં.૧૧ માં મવડી ચોકડી પાસે પેવિંગ બ્લોક રીપેરીંગ કામનું ઝોનલ કોન્ટ્રાકટર L.M.P. કન્ટ્રકશનનું બીલ ઓડીટ માં રજુ થયેલ જેમાં ઓડીટ ચકાસણી દરમ્યાન એબસ્ટ્રેક શીટમાં તથા એમ.બી. માં દર્શાવેલ કુલ સરવાળા ની રકમ માં ભુલ જણાયેલ જે અંગે ઓડીટ શાખા દ્વારા વાંધો ઉપસ્થિત કરાયેલ જે બાંધકામ શાખા દ્વારા માન્ય રાખી વાંધા હેઠળની રકમ રૂ.૧૩,૪૮૭/– સુધારીને રૂ.૩૪,૯૭૩/– નું રજુ થયેલ બીલ પાસ કરેલ છે.

# સો.વે.મેનેજમેન્ટશાખા

| | | |
|---|---|---|
| ઉપાડઅધિકારીનો હોદો :આસી. મેનેજર,સો.વે.મે. | | તા.૦૬/૦૭/૨૦૧૭ |
| ઓડીટ બીલ નં. | : ૫૮૫૬ | તા.૧૫/૦૬/૨૦૧૭ |
| શાખા બીલ નં. | : ૧૭૦૦ | તા.૧૪/૦૬/૨૦૧૭ |
| કોન્ટ્રાકટર ને ચુકવવા પાત્ર રકમ | રૂા. ૪૨,૨૭૬/– | |
| કોન્ટ્રાકટર ને ચુકવવા પાત્ર રકમ | રૂા. ૪૫,૨૭૬/– | |
| બીલમાં થતો રકમ વધારો | રૂા. ૩૦૦૦/– | |

વિષય:–વોર્ડનં.૯–અ(રજી.નં.૫૯૦) સફાઈ કામદાર હસમુખ એચ.વાઘેલાને રીવાઈઝડ ગ્રેચ્યુઈટી ચુકવવા નું બીલ.

ઓડીટ અવલોકન:–

ઉકતવિગતે સો.વે.મેનેજમેન્ટ શાખા દ્વારા કર્મચારી ને રીવાઈઝડ ગ્રેચ્યુઈટી અંગે નું રૂ.૪૨,૨૭૬/– નું બીલ ઓડીટ અર્થે રજુ કરેલ.

ઓડીટ ચકાસણી દરમ્યાનઉકત બીલની રકમ અને કર્મચારી ને મળવા પાત્ર રકમ અંગેનો તફાવત જણાતા તે અંગેનો વાંધો ઉપસ્થિત કરી બીલ સો.વે.મેનેજમેન્ટ શાખામાં પરત મોકલવામાં આવેલ.

શાખા દ્વારા ઓડીટ વાંધો માન્ય રાખી બીલની રકમમાં સુધારો કરી રૂ.૪૫,૨૭૬/– નું બીલ પ્રી–ઓડીટ અર્થે રજુ કરેલ જે યોગ્ય જણાતા પાસ કરવામાં આવેલ છે.

# સંબંધીત શાખા

## અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ અંગે.

અહેવાલ હેઠળના સમયગાળામાં તા.૧–૦૪–૧૭ થી તા.૩૦–૦૬–૧૭ દરમ્યાન જુદી જુદી શાખાઓમાંથી પ્રીઓડીટ થવા આવેલ બીલોની ચકાસણી વખતે નિયમ બહારની વધુ આકારણી, હિસાબી ગણતરી ભૂલો, વિ. માલુમ પડતા બીલો, વાંધાઓ સહિત સુધારવા જે તે શાખાઓને પરત કરેલ, બાદમાં ઓડીટ વાંધા સામે સમંત થઈ જે તે શાખાએ બીલની રકમ ઘટાડી / સુધારેલ બીલ પાસ થવા મોકલેલ, આ રીતે અસરકારક પ્રી ઓડીટના અંકુશથી કિસ્સાઓમાં સંબંધીત ઓવર પેમેન્ટની વધુ આકારણીની રકમ રૂા.૮,૨૫,૪૨૪/– થવા જાય છે,આમ કોર્પોરેશનના આર્થિકહિતની ઓડીટ વિભાગે રખેવાળી કરી છે, જે સાદર ધ્યાને મુકવામાં આવે છે.

આ તબકકે દરેક શાખાધિકારીને વિનંતી કરવાની કે બીલોને પાસ કરવા મોકલતા પહેલા નિયત થયેલ ચેકલીસ્ટને બરોબર અનુસરવા તથા અન્ય કર્મચારીઓમાં પ્રવર્તમાન ધારાધોરણ, કાર્યરીતી, ઠરાવોનું યથાર્થ પાલન કરવા સમયસર કાળજી લેવાનું રાખવામાં આવે તો આવા કિસ્સાઓ ફરીથી બનશે નહી.

# તા.૧/૦૪/૧૭ થી તા.૩૦/૦૬/૧૭ સુધીમાં અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટની વિગત

| ક્રમ | શાખાનું નામ | બીલની રકમ રૂ. | અટકાવેલ ઓવર પેમેન્ટની રકમ રૂ. | કોર્પોરેશન ને થયેલ આવક રૂ. | કામની ટુંકી વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા | ૨,૩૧,૩૦૦/- | ૧,૨૭,૫૭૭/- | – | વોર્ડ- ૩/બી(રજી.૧૪૮૯) સફાઈ કામદાર શ્રી ચૌહાણ દુર્ગાબેન મનજીભાઈ એ વી.આર.એસ. લેતા હક્ક રજા ચુકવવાનું બીલ |
| ૨ | " | ૧૨,૩૭,૫૦૦/- | ૭,૫૦૦/- | – | સ્પે.કન્ઝરવંસી ના હેવી વ્હીકલ ડ્રાઈવર સ્વ.ડાંડીયા ભરતભાઈ કેશુભાઈ નું અવસાન થતા રજુ થયેલ ગ્રેચ્યુઈટી બીલ |
| ૩ | " | ૩,૮૩,૪૦૦/- | ૪૩,૯૪૪/- | – | વોર્ડ- ૩/બી(રજી.૧૪૯૮) સફાઈ કામદાર શ્રી ચૌહાણ ડી.એમ. એ વી.આર.એસ. લેતા ગ્રેચ્યુઈટી ચુકવવાનું બીલ |
| ૪ | " | ૧,૪૮,૬૨૪/- | ૨૦,૮૬૪/- | – | સોલીડ વેસ્ટ શાખાનાં નિવૃત સેનેટરી ઈન્સપેક્ટર શ્રી રાઠોડ રવજીભાઈ મનજીભાઈ નું ૭ માં પગાર પંચ મુજબ રીવાઈઝ્ડ ગ્રેચ્યુઈટી બીલ. |
| ૫ | " | ૪૦,૯૧૫/- | ૧૫,૨૧૦/- | – | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સી.કલાર્ક ને પગાર તફાવત ચુકવવા નું બીલ |
| ૬ | " | ૨,૩૧,૩૦૦/- | ૧૪,૪૨૫/- | – | વોર્ડ- ૩/બ(રજી.૧૫૦૩) સફાઈ કામદાર શ્રી સુધા વાલજી ગૌરી એ વી.આર.એસ. લેતા હક્ક રજા ચુકવવાનું બીલ |
| ૭ | " | ૫૮,૫૩૦/- | ૧,૭૫૮/- | – | સફાઈ કામદાર સ્વ.મકવાણા રાજેપભાઈ કરશનભાઈ નાં વારસદાર મકવાણા જશુબેન રાજેપભાઈ ને હક્ક રજા ચુકવવા નું બીલ. |
| ૮ | " | ૨૬,૯૯૦/- | ૧,૫૯૦/- | – | વેસ્ટ ઝોન ના મિત્ર મંડળની કામગીરી નું એપ્રીલ ૨૦૧૭ નું બીલ. |
| ૯ | ટાઉન પ્લાનીંગ ઈમ્પલીમેન્ટેશન શાખા | ૬,૪૪,૬૩,૩૮૦/- | ૪,૧૧,૧૦૨/- | – | મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત પેકેજ-૨ ના એફોર્ડેબલ હાઉસીંગના બીલની ચુકવવાની થતી રકમમાં સુધારા અંગે |
| ૧૦ | બાંધકામ શાખા | ૧,૭૯,૦૫૪/- | ૭૬,૯૪૦/- | – | વોર્ડનં.૧૧ ની વોર્ડ ઓફીસ ઉપર પ્રથમ માળ બનાવવાના કામના ચુકવવાની થતી બીલની રકમમાં સુધારા અંગે |
| ૧૧ | રેસકોર્ષ સ્વીમીંગ પુલ | ૨,૨૩,૩૪૧/- | ૨૭,૭૭૦/- | – | હાયર ગ્રેડ તફાવતના ચુકવવા પાત્ર એરીયર્સ ની રકમમાં સુધારા અંગે. |

| ક્રમ | શાખાનું નામ | બીલની રકમ રૂ. | અટકાવેલ ઓવર પેમેન્ટની રકમ રૂ. | કોર્પોરેશન ને થયેલ આવક રૂ. | કામની ટુંકી વિગત |
|---|---|---|---|---|---|
| ૧૨ | આઈ.ટી.શાખા | ૧૫,૬૬૮/- | ૩,૩૦૦/- | - | કોમ્પ્યુટર ઓપરેટર શ્રી હેમલ એન.કક્કડ નું ૨૦૧૨-૧૫ ના બ્લોકનું એલ.ટી.સી. પ્રવાસ ના બીલ ની રકમમાં સુધારા અંગે. |
| ૧૩ | સેન્ટ્રલ સ્ટોર્સ શાખા | ૩૦,૧૯૧/- | ૩,૦૨૦/- | - | (N) CODE SOLUTION ને ચુકવવાપાત્ર રકમ માં સુધારા અંગે |
| ૧૪ | એસ્ટેટ શાખા | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | - | શ્રી અવંતીબાઈ લોધી હોલ ડીપોઝીટ રીફંડ બીલ |
| ૧૫ | ટેક્ષ શાખા | ૨૧,૭૦૬/- | ૧,૪૨૪/- | - | સહાયક કમિશનરશ્રી એચ.કે.કગથરા ના ઓફીસ કામ સબબ દિલ્હી પ્રવાસ ના મળવાપાત્ર ભથ્થાની રકમમાં સુધારા બાબત. |
| | | કુલ રૂ. | **૮,૨૫,૪૨૪/-** | | |

**અંકે રૂપિયા આઠ લાખ પચ્ચીસ હજાર ચારસો ચોવીસ પુરા**

# શાખા દ્વારા કર્મચારી/કોન્ટ્રાક્ટર ના બિલોમાં ઓછી આકારેલ રકમમાં ઓડીટ અવલોકન બાદ કરવામાં આવેલ વધારો

| ક્રમ | શાખાનું નામ | બીલની રકમ રૂા. | સુધારાબાદ રજુ થયેલ બીલની રકમ રૂ. | બીલમાં થતો રકમ વધારો | કામની ટુંકી વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ટાઉન પ્લાનીંગ ઈમ્પલીમેન્ટેશન શાખા | ૨૬૨૪૯૪૭૯૫/- | ૨૬૨૬૪૯૧૨૫/- | ૧,૫૪,૩૩૦/- | MMGY(આવાસ) પેકેજ નં.૪ ના બીલમાં એજન્સીને ચુકવવાપાત્ર રકમ ઓછી ચુકવેલ હોય રકમમાં સુધારા અંગે |
| ૨ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા | ૨,૧૬,૬૫૭/- | ૨,૯૫,૩૬૦/- | ૭૮,૭૦૩/- | વોર્ડ– ૩/બી(રજી.૧૨૬) સફાઈ કામદાર શ્રી લાભુબેન એ. ચૌહાણ એ વી.આર.એસ. લેતા હક્ક રજા ચુકવવાનું બીલ |
| ૩ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા | ૧,૧૧,૭૯૫/- | ૧,૩૨,૯૫૪/- | ૨૧,૧૫૯/- | વોર્ડ– ૩/એ(રજી.૩૬૨) સફાઈ કામદાર શ્રી હેમલતા એમ. પરમાર એ વી.આર.એસ. લેતા હક્ક રજા ચુકવવાનું બીલ |
| ૪ | બાંધકામ | ૨૧,૪૮૬/- | ૩૪,૯૭૩/- | ૧૩,૪૮૭/- | વોર્ડનં.૧૧માં પેવિંગ બ્લોક રીપેરીંગ કામના બીલની ચુકવવાપાત્ર કુલ રકમ માં સુધારા અંગે |
| ૫ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા | ૪૨,૨૭૬/- | ૪૫,૨૭૬/- | 3000/- | વોર્ડનં.૯–અ(રજી.નં.૫૯૦) સફાઈ કામદાર હસમુખ એચ.વાઘેલાને રીવાઈઝડ ગ્રેચ્યુઈટી ચુકવવા નું બીલ. |
| | | | | ૨,૭૦,૬૭૯/- | |

અંકે રૂપિયા બે લાખ સીંતેર હજાર છસ્સો ઓગણાએંસી પુરા

# <u>તા.૧–૦૪–૧૭ થી તા.૩૦–૦૬–૧૭ સુધીમા અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટની શાખાવાઈઝ તારીજ</u>

| ક્રમ | શાખાનું નામ | વાંધા હેઠળની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા | ૩,૦૦,૩૬૮/– |
| ૨ | ટાઉન પ્લાનીગ ઈમ્પ્લીમેન્ટેશન(TPI) | ૪,૧૧,૧૦૨/– |
| ૩ | બાંધકામ | ૭૬,૯૪૦/– |
| ૪ | રેસકોર્ષ સ્વીમીંગ પુલ | ૨૭,૭૭૦/– |
| ૫ | આઈ.ટી. | ૩,૩૦૦/– |
| ૬ | સેન્ટ્રલ સ્ટોર્લ | ૩,૦૨૦/– |
| ૭ | એસ્ટેટ | ૧,૫૦૦/– |
| ૮ | ટેક્ષ | ૧,૪૨૪/– |
| | કુલ રૂા. | ૮,૨૫,૪૨૪/– |

**અંકે રૂપિયા આઠ લાખ પચ્ચીસ હજાર ચારસો ચોવીસ પુરા**

રા.મ.ન.પા./ઓડીટ/જા.નં. ૧૭૪

ચીફ ઓડીટરશ્રીની કચેરી,
મહાનગરપાલિકા,
રાજકોટ.
તા.૧૬/૦૧/૨૦૧૮

પ્રતિ,
સેક્રેટરીશ્રી,
રાજકોટ મહાનગરપાલિકા.

**વિષય : જી.પી.એમ.સી. એકટની કલમ-૧૦૫ હેઠળનો ત્રિમાસીક ઓડીટ રીપોર્ટ તા.૧/૦૭/૨૦૧૭ થી તા.૩૦/૦૯/૨૦૧૭**

જી.પી.એમ.સી. એકટની કલમ-૧૦૫ હેઠળનો તા.૦૧/૦૭/૨૦૧૭ થી તા.૩૦/૦૯/૨૦૧૭ ના સમયનો ઓડીટ શાખાએ હાથ ધરેલા નિરીક્ષણ દરમ્યાન ધ્યાને મહત્વની અનિયમીતતાઓ અંગેનો ત્રિમાસી રીપોર્ટ પાના ૧ થી ૩૦ મોકલાવાયેલ છે. જે સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવા વિનંતી છે.

સદરહુ રીપોર્ટની એક નકલ કમિશ્નરશ્રીને આગળની કાર્યવાહી થવા અલગ રીતે મોકલેલ છે.

ચીફ ઓડીટર
રાજકોટ મહાનગરપાલિકા

બીડાણ :
પાના નં. ૧ થી ૩૦

નકલ સાદર :

૧. કમિશ્નરશ્રી (જાણ તથા આગળની જરૂરી કાર્યવાહી થવા સારૂ)
૨. મેયરશ્રી,
રાજકોટ મહાનગરપાલિકા.

## ત્રિમાસીક ઓડીટ રીપોર્ટના સમયગાળા દરમ્યાન રજુ થયેલ જુદા જુદા પ્રકારના બીલો તથા ફાઈલો અને અટકાવેલ ઓવર પેમેન્ટની વિગત

| ક્રમ | શાખાનું નામ | કુલ પારા | પારા નંબર | ટુંકી વિગત | પાના નં. |
|---|---|---|---|---|---|
| ૧ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા | ૪ | ૧ | વોર્ડ-૬(અ) સફાઈ કામદાર સ્વ. શ્રીમતિ નૈયા ધનુબેન માવજીભાઈનું અવસાન થતા લેણી નીકળતી હકક રજાના રોકડ રૂપાંતરનું બિલ | ૬ |
| | | | ૨ | વોર્ડ-૮(અ) સફાઈ કામદાર શ્રી કાનજીભાઈ ભીખાભાઈ વાઘેલાનું નિવૃતિ સમયે લેણી નિકળતી હકક રજાનું બિલ | ૭ |
| | | | ૩ | વોર્ડ-૧૬/બી માં ફરજ બજાવતા સ્વ. સફાઈ કામદાર શ્રી પરમાર રાજેશ ભીખાભાઈનાં વારસદાર પત્નિને લેણી હકકરજા / અર્ધપગારી રજાના રોકડ રૂપાંતર કરેલ રકમ ચુકવવાનું બીલ | ૮ |
| | | | ૪ | સફાઈ કામદાર શ્રી મકવાણા કાન્તાબેન લક્ષ્મણભાઈ વયમર્યાદાના કારણે નિવૃત થતાં તેમની લેણી નીકળતી હકક રજાનું રોકડ રૂપાંતરનું બિલ | ૯ |
| ૨ | આરોગ્ય શાખા | ૨ | ૧ | આરોગ્ય શાખાનાં કર્મચારી શ્રી લાંગડીયા ચંદ્રદાન ડી. નિવૃત થતાં હકક રજાનું રોકડમાં રૂપાંતર અંગેનું બિલ | ૧૦ |
| | | | ૨ | સાતમાં પગાર પંચ ફિકસેસન મુજબ હકક રજા તફાવત ચૂકવવા અંગેનું બિલ | ૧૧ |
| ૩ | વોટર વર્કસ | ૨ | ૧ | વોર્ડ-૨ માં મારૂતીનગર-૪ ના બગીચાનું કનેકશન કરવાનું તથા અન્ય કામ | ૧૨ |
| | | | ૨ | વોર્ડ-૧૦ ન્યારી ઈ.એસ.આર.ની બાજુમાં ઈન્ટર લોકીંગ બ્લોક લગાવવાનાં કામમાં દર્શાવેલ ગણતરીમાં ભૂલ સુધારા અંગે | ૧૩ |
| ૪ | એસ્ટેટ શાખા | ૨ | ૧ | દ્વિતીય હાયરગ્રેડની તફાવતની રકમ ચુકવવા અંગે | ૧૪ |
| | | | ૨ | પંડીત દિનદયાળ ઉપાધ્યાય હોલનું ભાડુ રીફંડ બિલ | ૧૫ |
| ૫ | બાંધકામ શાખા | ૨ | ૧ | બાંધકામ શાખાનાં એકાઉન્ટન્ટ શ્રી મહેન્દ્રભાઈ જોશીનાં રજા પ્રવાસ (એલટીસી) અંગેનું બિલ | ૧૬ |
| | | | ૨ | સે.ઝોન વોર્ડનં.૧૩, ૧૪, ૧૭ (સી-૨) માં ડ્રમ્પ મીકસ પ્લાન્ટ અને મીકેનીકલ પેવર ફીનીસરથી રસ્તા કાર્પેટ/રીકાર્પેટ કરવાના કામનું બીજુ રનીંગ બીલ | ૧૭ |

| ક્રમ | શાખાનું નામ | કુલ પારા | પારા નંબર | ટુંકી વિગત | પાના નં. |
|---|---|---|---|---|---|
| ૬ | ફાયર બ્રિગેડ શાખા | ૨ | ૧ | ફાયર બ્રિગેડ શાખામાં કોન્ટ્રાકબેઈઝ ડ્રાઈવર પુરા પાડતી એજન્સી જે.કે. સીક્યુરીટી માહે જુન-૨૦૧૭ નું બિલ | ૧૮ |
| | | | ૨ | ફાયર બ્રિગેડ શાખામાં કોન્ટ્રાકબેઈઝ ડ્રાઈવર પુરા પાડતી એજન્સી જે.કે. સીક્યુરીટી માહે જુન-૨૦૧૭ નું બિલ | ૧૯ |
| ૭ | સાંસ્કૃતિક વિકાસ વિભાગ | ૧ | ૧ | જુદા જુદા કાર્યક્રમોમાં પુસ્તકો અંગેનું બિલ | ૨૦ |
| ૮ | કાલાવડ રોડ સ્વીમીંગ પુલ | ૧ | ૧ | રોજમદાર કર્મચારી શ્રી મુકેશ આર. ગોંડલીયાને ૨૫% ડેઈલી વેજીસ મુજબ ચૂકવવાની થતી રકમમાં સુધારા અંગે | ૨૧ |
| ૯ | આવાસ યોજના | ૧ | ૧ | શ્રી ડી.સી. લખતરીયાને સાતમા પગાર પંચ મુજબ હકક રજા તફાવતની રકમ ચુકવવાનું બિલ | ૨૨ |

## ત્રિમાસીક ઓડીટ રીપોર્ટના સમયગાળા દરમ્યાન રજુ થયેલ કરેલ કર્મચારી/કોન્ટ્રાકટરનાં બિલોમાં ઓછી આકારેલ રકમમાં ઓડીટ અવલોકન બાદ કરવામાં આવેલ વધારાની વિગત

| ક્રમ | શાખાનું નામ | કુલ પારા | પારા નંબર | ટુંકી વિગત | પાના નં. |
|---|---|---|---|---|---|
| ૧ | આરોગ્ય શાખા | ૧ | ૧ | પોલીયો કાર્યક્રમનું જાન્યુ.૨૦૧૭ નું લાઈટીંગ કામનું બિલ | ૨૩ |
| ૧ | ડ્રેનેજ શાખા | ૨ | ૧ | રી-ટેન્ડરીંગ કરતા ડીપોઝીટ રીફંડ બિલ | ૨૪ |
| | | | ૨ | રી-ટેન્ડરીંગ કરતા ડીપોઝીટ રીફંડ બિલ | ૨૫ |

## ત્રિમાસીક ઓડીટ રીપોર્ટના સમયગાળા દરમ્યાનની કામગીરી
## તા.૦૧/૦૭/૨૦૧૭ થી ૩૦/૦૯/૨૦૧૭ સુધી

| ક્રમ | વિગત | તા.૦૧/૦૪/૧૭ થી તા.૩૦/૦૬/૧૭ દરમ્યાન | તા.૦૧/૦૭/૧૭ થી તા.૩૦/૦૯/૧૭ દરમ્યાન | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અટકાવેલ ઓવર પેમેન્ટ | ૮,૨૫,૪૨૪ | ૪,૫૩,૨૧૪ | ૧૨,૭૮,૨૧૪ |
| ૨ | અટકાવેલ અન્ડર પેમેન્ટ | ૨,૭૦,૬૭૯ | ૯૨,૪૦૦ | ૩,૬૩,૦૭૯ |
| ૩ | વાઉચર બીલ્સ | ૭,૩૯૯ | ૬,૯૦૦ | ૧૪,૨૯૯ |
| ૪ | પગાર બીલ્સ | ૬૩૪ | ૭૩૧ | ૧,૩૬૫ |
| ૫ | ફાઈલો | ૧૨૯ | ૭૧ | ૨૦૦ |
| ૬ | પેન્શન કેઈસો | ૯૪ | ૯૩ | ૧૮૭ |
| ૭ | હાયર ગ્રેડ કેઈસો | ૧૦ | ૧૨ | ૨૨ |
| ૮ | પે ફિકસેસન કેઈસો | - | ૩૫૨ | ૩૫૨ |

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : આસી. મેનેજર | તા.૨૫/૭/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૭૨૫ | તા.૪/૭/૧૭ |
| શાખા બીલ નંબર | : ૧૮૪૩ | તા.૩૦/૬/૧૭ |
| બીલની રકમ | : ૨૮૩૮૩૦ | |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૨૦૮૧૪૨ | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | : ૭૫૬૮૮ | |

**વિષય :** વોર્ડ-૬(અ) સ.કા. સ્વ. નૈયા ધનુબેન માવજીભાઈ અવસાન થતા લેણી નિકળતી હકક રજાનું બીલ

**ઓડીટ અવલોકન :**

ઉપરોકત વિષય વાળું બિલ ઓડીટ ચકાસણી માટે ઓડીટમાં રજુ કરવામાં આવેલ.

ઓડીટ ચકાસણી દરમ્યાન માલુમ પડેલ કે, સ્વ.કર્મચારીની હકક રજાની નિકળતી રજા કુલ ૩૦૦ દિવસ હકક રજા દર્શાવેલ પરંતુ લીવકાર્ડમાં ભૂલ હતી. આ અંગે શાળાધિકારીશ્રીને ઓડીટ વાંધો ઉપસ્થીત કરતા શાળાધિકારીશ્રી ધ્વારા સુધારેલ બિલ ઓડીટમાં રજુ કરતા સુધારેલ બીલ ઓડીટ શાખા ધ્વારા મંજુર કરવામાં આવેલ.

**અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા.૭૫,૬૮૮/-**

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : આસીસ્ટન્ટ મેનેજર | તા.૨૮/૭/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૬૧૦ | તા.૧૯/૬/૧૭ |
| શાખા બીલ નંબર | : ૧૭૪૫ | તા.૧૭/૬/૧૭ |
| બીલની રકમ | : ૧૧૫૬૮૮ | |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૮૮૬૬૭ | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | : ૨૭૦૨૧ | |

**વિષય :** વોર્ડ-૮(અ) સ.કા. શ્રી કાનજીભાઈ ભીખાભાઈ વાઘેલાનું નિવૃતી સમયે લેણી નિકળતી હકક રજાનું બીલ

**ઓડીટ અવલોકન :**

ઉપરોકત વિષય વાળું વોર્ડ-૬(અ) સ.કા. શ્રી કાનજીભાઈ ભીખાભાઈ વાઘેલા નિવૃતી સમયે નિકળની હકક રજાનું બીલ ઓડીટ શાખામાં રજુ કરવામાં આવેલ.

ઓડીટ ચસકાણી દરમ્યાન નિવૃત કર્મચારીનું લીવકાર્ડમાં લેણી નિકળતી હકક રજાનાં બેલેન્સમાં ભુલ હોય આ અંગે ઓડીટ શાખા ધ્વારા વાંધો ઉપસ્થિત કરતા શાખાધિકારીશ્રી ધ્વારાઓડીટ વાંધો માન્ય રાખતા સુધારેલ બીલ સુધારાવાળું બીલ મંજુર કરેલ.

આ બિલમાંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂ.૨૭૦૨૧/-

**અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૨૭૦૨૧/-**

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : આસીસ્ટન્ટ મેનેજર | તા.૨૮/૭/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૬૯૧ | તા.૨૯/૬/૧૭ |
| શાખા બીલ નંબર | : ૧૭૬૪ | તા.૧૯/૬/૧૭ |
| બીલની રકમ | : ૨૫૯૨૨ | |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૨૦૨૭૫ | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | : ૫૬૪૭ | |

**વિષય :** વોર્ડ-૧૬/બી માં ફરજ બજાવતા સ્વ. સફાઈ કામદાર શ્રી પરમાર રાજેષ ભીખાભાઈનાં વારસદાર પત્નિને લેણી હકકરજા / અર્ધપગારી રજાના રોકડ રૂપાંતર કરેલ રકમ ચુકવવાનું બીલ.

**ઓડીટ અવલોકન :**

બીલ સાથે રજુ થયેલ કર્મચારીના લીવકાર્ડ માર્ચ-૧૫ માં ભોગવેલ હકક રજા લેણી નીકળતી હકક રજામાંથી બાદ કરેલ ન હતી. આ અંગે ઓડીટ વાંધો ઉપસ્થિત કરી બીલ એસ.ડબલ્યુ.એમ. શાખામાં પરત મોકલેલ. એસ.ડબલ્યુ.એમ. શાખાએ ઓડીટ વાંધો માન્ય રાખી લીવકાર્ડમાં ભોગવેલ રજા બાદ કરી અવસાન તારીખે લેણી નીકળતી હકક રજાની બેલેન્સમાં રોકડ રૂપાંતર કરી બીલ સુધારીને ૨૦૨૭૫/- નું રજુ કરતા આ સુધારેલ બીલ પાસ કરેલ છે.

આ બિલમાંથી અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂ.૫૬૪૭/-

**અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૫૬૪૭**

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : આસી. મેનેજર | તા.૨૯/૭/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૭૧૬ | તા.૪/૭/૧૭ |
| શાખા બીલ નંબર | : ૧૮૪૨ | તા.૩૦/૫/૧૭ |
| બીલની રકમ | : ૧૩૭૭૬ | |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૧૯૦૨૦ | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | : ૨૭૫૬ | |

**વિષય :** સ.હા. શ્રી મકવાણા કાન્તાબેન લક્ષ્મણભાઈ વયમર્યાદાના કારણે નિવૃત થતાં તેની લેણી હકક રજાનું રોકડ રૂપાંતરનું બીલ

**ઓડીટ અવલોકન :**

બીલ સાથે રજુ થયેલ સ.હા.ના લીવકાર્ડની ચકાસણી કરતા કુલ જમા હકક રકમમાંથી લીધેલ હકક રજા વાંધો ઉપસ્થિત કરી બીલ એસ.ડબલ્યુ.એમ. શાખામાં પરત મોકલેલ. એસ.ડબલ્યુ.એમ. શાખાએ ઓડીટ વાંધો માન્ય રાખી લીવકાર્ડમાં જરૂરી સુધારો કરી અને તેના આનુસાંગિક સુધારા બીલમાં કરી બીલ રૂા.૧૧૦૨૦/- નું રજુ કરતા સુધારેલ બીલ ઓડીટ પાસ કરેલ છે.

**અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ રૂા.૨૭૫૬/-**

## આરોગ્ય શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : આરોગ્ય અધિકારી | તા.૪/૭/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : એસ-૭૧૭ | તા.૩૦/૬/૧૭ |
| શાખા બીલ નંબર | : ૧૫૪ | તા.૩૦/૬/૧૭ |
| બીલની કુલ રકમ | : ૪,૩૭,૫૮૨ | |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૪,૨૬,૪૯૦ | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | : ૧૧,૦૯૨ | |

**વિષય :** આરોગ્ય શાખાનાં કર્મચારી શ્રી લાંગડીયા ચંદ્રદાન ડી. નિવૃત થતાં હકક રજાનું રોકડમાં રૂપાંતર અંગેનું બિલ.

**ઓડીટ અવલોકન :**

ઉકત વિગતે કર્મચારીશ્રીનું નિવૃતિ સમયે મળવાપાત્ર હકકરજાના રોકડ રૂપાંતરનું બિલ ઓડીટ અર્થે રજૂ થતા હકક રજાની ગણતરીમાં ભૂલ હોઈ તે અંગેનો વાંધો ઉપસ્થિત કરી બિલ આરોગ્ય શાખામાં પરત મોકલવામાં આવેલ.

આરોગ્ય શાખા ધ્વારા ઓડીટ વાંધો માન્ય રાખી કર્મચારીની ૨૯૫ હકક રજાને બદલે ૨૮૦ હકક રજાનું બિલ ઓડીટ અર્થે રજૂ કરેલ. જે યોગ્ય હોઈ પાસ કરવામાં આવેલ.

**અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૧૧૦૯૨**

# આરોગ્ય શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : આસી. મેનેજર | તા.૧૭/૭/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : એસ-૭૯૨ | તા.૧૩/૭/૧૭ |
| શાખા બીલ નંબર | : ૧૬૧ | તા. |
| બીલની કુલ રકમ | : ૮૪,૨૧૨ | |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૭૫,૨૩૯ | |
| અટકાવવામાં આવેલ ઓ.પેમેન્ટ | : ૮,૯૭૩ | |

**વિષય :** સાતમાં પગાર પંચ ફિકસેસન મુજબ હકક રજા તફાવત ચૂકવવા અંગેનું બિલ.

**ઓડીટ અવલોકન :**

નિવૃત કર્મચારી શ્રી યજ્ઞેશ એલ. ત્રિવેદીને સાતમાં પગાર પંચનાં ફિકસેસન અંતર્ગત ચૂકવવાની થતી હકક રજાના તફાવત અંગેનું કુલ રૂા.૮૪,૨૧૨ નું બિલ આરોગ્ય શાખા તરફથી ઓડીટ અર્થે રજૂ થયેલ.

ઉકત બિલમાં ચૂકવવાની થતી રજા અંગેની ગણતરી કરતા રકમમાં ભૂલ જણાયેલ જે અંગેનો વાંધો ઉપસ્થિત કરી આરોગ્ય શાખામાં બિલ પરત મોકલેલ.

આરોગ્ય શાખા ધ્વારા ઓડીટ વાંધો માન્ય રાખી યોગ્ય સુધારા બાદ રૂા.૭૫,૨૩૯ ની રકમનું બિલ ઓડીટ અર્થે રજૂ કરેલ જે યોગ્ય હોય ઓડીટ કરેલ છે.

**અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૮૯૭૩**

## વોટર વર્કસ (સે.ઝો.) શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : ડે.એન્જી.શ્રી (સે.ઝો.) | તા.૧/૮/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : એ-૧૦૧૮૮ | તા.૨૯/૭/૧૭ |
| શાખા બીલ નંબર | : ૩૯૪ | તા.૧૨/૭/૧૭ |
| બીલની રકમ | : ૧૭૩૨૮ | તા.૧/૮/૧૭ |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૫૨૯૯ | |
| અટકાવવામાં આવેલ ઓ.પેમેન્ટ | : ૧૨૦૨૯ | |

**વિષય :** વોર્ડ-૨ માં મારૂતીનગર-૪ ના બગીચાનું કનેકશન કરવાનું તથા અન્ય કામ.

**ઓડીટ અવલોકન :**

ઉપરોકત વિષય પરત્વેનું વોર્ડ-૨ ના કોન્ટ્રાકટરશ્રી લાલજીભાઈ તેજાભાઈ મેરીયાનું ઓડીટ ચકાસણી માટેનું બિલ રજુ કરવામાં આવેલ.

ઓડીટ ચકાસણી દરમ્યાન માલુમ પડેલ કે, કોન્ટ્રાકટરશ્રીના ચુકવવાપાત્ર રકમમાંથી વોટર વર્કસ સ્ટોર એડવાન્સની રકમ રૂા.૧૨૦૨૯/- (અંકે રૂપિયા બાર હજાર ઓગણત્રીસ) બાદ કરવામાં આવેલ ન હતી.

ઓડીટ શાખા ધ્વારા વાંધો ઉપસ્થિત કરતા શાખાધિકારી ધ્વારા રજુ કરેલ બિલમાંથી રૂા.૧૨૦૨૯/- બાદ કરી ઓડીટમાં રજૂ કરતા સુધારેલ રકમનું બિલ ઓડીટ ધ્વારા મંજુર કરવામાં આવેલ.

## અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૧૨૦૨૯

## વોટર વર્કસ (સે.ઝો.) શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : ડી.ઈ.ઈ. | તા.૧૦/૮/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૧૦૨૩૬ | તા.૨૯/૭/૧૭ |
| શાખા બીલ નંબર | : ૩૯૫ | તા.૨૮/૭/૧૭ |
| બીલની રકમ | : ૧૬૮૭૦ | તા.૧/૮/૧૭ |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૧૫૭૨૧ | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | : ૧૧૪૯ | |

**વિષય :** વોર્ડ-૧૦ ન્યારી ઈ.એસ.આર.ની બાજુમાં ઈન્ટર લોકીંગ બ્લોક લગાવવાનાં કામમાં દર્શાવેલ ગણતરીમાં ભૂલ સુધારા અંગે..

**ઓડીટ અવલોકન :**

વોટર વર્કસ વેસ્ટ ઝોન ધ્વારા વોર્ડ-૧૦ માં ન્યારી ઈ.એસ.આર.ની આજુબાજુમાં જુના ઈન્ટર લોકીંગ બ્લોક લગાવવાનાં કામનું બિલ ઓડિટમાં રજૂ થયેલ. જેમાં એમ.બી. પાના નં.૧૫, આ.નં.૧, બ્રીક મેસોનરીમાં દર્શાવેલ ગણતરીમાં ભૂલ જણાતા ઓડિટ શાખા ધ્વારા વાંધો ઉપસ્થિત કરી બીલ શાખાને પરત મોકલેલ. જે વોટર વર્કસ શાખા ધ્વારા વાંધો માન્ય રાખી વાંધા હેઠળની રકમ રૂા.૧૧૪૯/- બાદ કરી સુધારીને રૂા.૧૫૭૨૧/- નું બિલ પાસ કરેલ છે.

**અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૧૧૪૯**

## એસ્ટેટ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : આસીસ્ટન્ટ મેનેજર | તા. ૭/૧૦/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૧૨૪૮ | તા.૧૩/૯/૧૭ |
| શાખા બીલ નંબર | : ૧૧૮૩.૦૦ / ૧૧૮૪.૦૦ | તા.૭/૯/૧૭ |
| બીલની રકમ | : ૧૯૨૪૪.૦૦ / ૨૪૩૦૦.૦૦ | તા.૧/૮/૧૭ |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૧૫૫૭૩.૦૦ / ૬૨૧૩.૦૦ | |
| રિકવર થયેલ રકમ | : ૩૬૭૧.૦૦ / ૬૨૧૩.૦૦ | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | : ૯૮૮૪.૦૦ | |

**વિષય :** દ્વિતીય હાયરગ્રેડની તફાવતની રકમ ચુકવવા અંગે.

**ઓડીટ અવલોકન :**

ઉપરોકત રજુ થયેલ બિલ પ્રેમજીભાઈ વિરસુડીયાનો હાયરગ્રેડ મંજુર થતા પગાર તફાવત ચુકવવાનું બિલ રૂા.૧૯,૨૪૪/- ની ઓડીટ ચકાસણી કરતા તફાવત પત્રમાં કર્મચારીનો હાયર ગ્રેડ પાત્રતા તા.૧/૮/૨૦૧૬ થી તા.૩૦/૬/૨૦૧૭ સુધીનું હાયરગ્રેડ તફાવત પત્રક બિલ સાથે રજુ થયેલ હતું. જેમાં કર્મચારીને ઓગષ્ટ-૨૦૧૬ અને સપ્ટે.-૨૦૧૬ ન ચુકવેલ પગાર (બેઝીક) સાતમાં પગાર પંચને બદલે છઠ્ઠા પગાર પંચ મુજબ હિસાબ કરેલ હતો. કર્મચારીની સર્વિસ બુક મુજબ હાયર ગ્રેડ પાત્રતા તા.૧૫/૧/૨૦૧૬ થી તા.૩૦/૬/૨૦૧૭ સુધીનું હાયર ગ્રેડ તફાવત ચુકવવાનો થતો હતો. ઓડીટ શાખા ધ્વારા આ વાંધો ઉપસ્થિત કરી શાખાને બિલ પરત મોકલી આપેલ. શાખા ધ્વારા આ વાંધો માન્ય રાખીને રૂા.૩૬૭૧/- નો સુધારો કરી ને રૂા.૧૫૫૭૩/- નું બિલ ઓડીટમાં રજુ કરેલ હતું. ઓડીટ શાખા એ સુધારેલ રકમવાળું બિલ પાસ કરેલ છે.

ઉપરોકત રજુ થયેલ બિલ એ.બી. ગૌસ્વામી ને હાયરગ્રેડ મંજુર થતા પગાર તફાવત ચૂકવવાનું બિલ રૂા.૨૪,૩૦૦/- ની ઓડીટ ચકાસણી કરતા બિલ સાથે રજુ થયેલ તફાવત પત્રમાં ઓગષ્ટ-૨૦૧૬ અને સપ્ટે.૨૦૧૬ ના ચૂકવેલ પગાર (બેઝીક)માં અને ભથ્થામાં ભૂલ હતી.

આ વાંધો ઓડીટ શાખા એ ઉપસ્થિત કરેલ બિલ એસ્ટેટ બ્રાંચને પરત મોકલેલ એસ્ટેટ શાખાએ ઉપરોકત વાંધો માન્ય રાખીને રૂા.૬,૨૧૪/- નો સુધારો બિલમાં કરીને રૂા.૧૮૦૮૭/- નું બિલ ઓડીટમાં રજૂ કરેલ છે. જે ઓડીટ શાખાએ સુધારેલ બિલ પાસ કરેલ છે.

## અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૯૮૮૪

## એસ્ટેટ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : આસીસ્ટન્ટ મેનેજર | તા.૭/૯/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૧૦૮૧૩, ૧૦૮૧૪ | તા.૫/૮/૧૭ |
| શાખા બીલ નંબર | : ૬૧૪, ૬૧૫ | તા.૨/૮/૧૭ |
| બીલની રકમ | : ૬૦૦૦/- | તા. |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૪૦૦૦/- | |
| અટકાવવામાં આવેલ ઓ.પેમેન્ટ | : ૨૦૦૦/- | |

**વિષય :** પંડીત દિનદયાલ ઉપાધ્યાય હોલનું ભાડુ રીફંડ બિલ.

**ઓડીટ અવલોકન :**

ઉકત બિલ ઓડીટ શાખામાં ઓડીટ અર્થે રજૂ થયેલ અરજદાર ધ્વારા બુકીંગની તારીખથી ૩૦ દિવસ પહેલા બુકીંગ કેન્સલ કરવા માંગણી કરેલ જે હોલ ભાડા નિયમો સંદર્ભ(૧) થી નિયત કરેલ નિયમાનુસાર અરજદારને ભાડાની રકમમાંથી ૨૫% રકમ કપાત કરીને બિલ રજૂ કરેલ.

જે ખરેખર નિયમાનુસાર ૫૦% રકમ કપાત કરવાની થતી હોઈ ઉકત વિગતે વાંધો ઉપસ્થિત કરી બિલ શાખામાં પરત મોકલેલ.

એસ્ટેટ શાખા ધ્વારા ઓડીટ વાંધો માન્ય રાખી નિયમાનુપસાર ૫૦% કેન્સલેશન ચાર્જ કાપી બંને બિલો સુધારા સાથે ઓડીટ અર્થે રજુ કરેલ જે ઓડીટ કરવામાં આવેલ છે.

## અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૨૦૦૦

## બાંધકામ (સે.ઝો) શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : આસીસ્ટન્ટ મેનેજર | તા.૨૦/૯/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૫૭૦૦ | તા.૧૪/૭/૧૭ |
| શાખા બીલ નંબર | : ૮૧ | તા.૩/૫/૧૭ |
| બીલની રકમ | : ૧૪૫૭૦/- | તા.૩/૫/૧૭ |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૭૭૧૫/- | |
| અટકાવવામાં આવેલ ઓ.પેમેન્ટ | : ૬૮૫૫/- | |

**વિષય :** બાંધકામ શાખાનાં એકાઉન્ટન્ટ શ્રી મહેન્દ્રભાઈ જોશીના રજા પ્રવાસ ખર્ચ (એલટીસી)નું બિલ.

**ઓડીટ અવલોકન :**

શ્રી મહેન્દ્રભાઈ જોશી એ કરેલા પ્રવાસમાં પ્લેનની ટીકીટ તથા "રાજધાની સેકન્ડ એસીની ટીકીટ" આકારેલ હતી. તેમનાં પગાર ધોરણ અનુસાર આ વર્ગમાં મળવાપાત્ર ન હોય, ઓડીટ ધ્વારા વાંધો ઉપસ્થિત કરાતા બાંધકામ શાખા ધ્વારા વાંધો માન્ય રાખી નિયત થયેલ દર મુજબ પ્રવાસ ખર્ચનું બિલ રજુ કરતા, બીલ ઓડીટ કરી આપવામાં આવેલ

**અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૬૮૫૫**

## બાંધકામ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : સીટી એન્જીનીયર | તા.૩૦/૮/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૧૦૩૫૩ | તા.૨૬/૭/૧૭ |
| શાખા બીલ નંબર | : ૩૨૮ | તા.૧૨/૭/૧૭ |
| બીલની રકમ | : ૧,૦૯,૪૪,૪૫૦/- | તા. |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૧,૦૮,૩૫,૧૪૮/- | |
| અટકાવવામાં આવેલ ઓ.પેમેન્ટ | : ૧,૦૯,૩૦૨/- | |

**વિષય :** સે.ઝોન વોર્ડ નં. ૧૩, ૧૪, ૧૭ (સી-૨)માં ડ્રમ્પ મીક્સ પ્લાન્ટ અને મીકેનીકલ પેવર ફીનીસરથી રસ્તા કાર્પેટ/રીકાર્પેટ કરવાના કામનું બીજુ રનીંગ બીલ.

**ઓડીટ અવલોકન :**

બિલની ચકાસણી કરતા કરવામાં આવેલ કામની થીકનેસ ગણતરી પ્રથમ રનીંગમાં થેલ કામ સહીત જથ્થો ગણતરી કરીને કરવામાં આવેલ. ખરેખર આ ગણતરી જે તે વોર્ડના વિસ્તાર મુજબ કરવી જોઈએ તેવો ઓડીટે વાંધો ઉપસ્થિત કરી બિલ બાંધકામ શાખામાં પરત મોકલેલ. બાંધકામ શાખા એ ઓડીટ વાંધો માન્ય રાખી બિલમાંથી ઓવર થિકનેશ થતી હોય તેની રકમ લેશ કોન્ટ્રાકટરનાં નીચા ભાવ બાદ ૫% રનીંગ બિલ બાદ કરી બીલ સુધારીને રૂા.૧,૦૮,૩૫,૧૪૮/- નું રજુ કરતા સુધારેલ બિલ ઓડીટ કરેલ છે.

**અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૧૦૯૩૦૨**

## ફાયર બ્રિગેડ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : ચીફ ફાયર ઓફીસર | તા.૧૫/૦૯/૨૦૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૧૨૭૧૭ | તા.૬/૯/૧૭ |
| શાખા બીલ નંબર | : ૪૫૭ | તા.૫/૯/૧૭ |
| બીલની રકમ | : ૩,૩૯,૯૩૩.૨૪ | તા. |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૨,૮૮,૦૭૯.૦૨ | |
| અટકાવવવામાં આવેલ ઓવર પેમેન્ટ | : ૫૧,૮૫૪.૨૨ | |

**વિષય :** ફાયર બ્રિગેડ શાખામાં કોન્ટ્રાક બેઈઝ ડ્રાઈવર પુરા પાડતી એજન્સી જે.કે. સીકયુરીટી માહે જુન-૨૦૧૭ નું બિલ.

**ઓડીટ અવલોકન :**

ફાયર બ્રિગેડ શાખા ધ્વારા ડ્રાઈવર પુરા પાડતી એજન્સી જે.કે. સીકયુરીટીનું માહે જુન-૨૦૧૭ નું રૂા.૩,૩૯,૯૩૩.૨૪/- જી.એસ.ટી. સહીતનું બિલ ઓડીટ શાખામાં રજુ થયેલ હતું.

ઓડીટ ચકાસણી દરમ્યાન માલુમ પડેલ કે ફાગર બ્રિગેડમાં સેવા પુરી પાડતી સંસ્થાને જી.એસ.ટી.માંથી મુકિત મળેલ હોય જેમાં જી.એસ.ટી. લગાડવામાં આવતો નથી.

આ અંગે ઓડીટે વાંધો લેતા શાખા ધ્વારા વાંધો માન્ય રાખી જી.એસ.ટી. બાદ કરી સુધારેલ બિલ રૂા.૨,૮૮,૦૭૯.૦૨ નું ઓડીટમાં રજુ થયેલ સુધારેલ રકમનું બિલ ઓડીટ કરેલ છે.

**અટકાવવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૫૧૮૫૪**

## ફાયર બ્રિગેડ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : ચીફ ફાયર ઓફીસર | તા. |
| ઓડીટ બીલ નંબર | : ૧૨૭૧૮ | તા.૬/૯/૧૭ |
| શાખા બીલ નંબર | : ૪૫૮ | તા.૬/૯/૧૭ |
| બીલની રકમ | : ૩,૪૬,૯૩૯.૮૨ | તા. |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૨,૯૪,૦૧૬.૮૦ | |
| અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ | : ૫૨,૯૨૩.૦૨ | |

**વિષય :** ફાયર બ્રિગેડ શાખામાં કોન્ટ્રાક બેઈઝ ડ્રાઈવર પુરા પાડતી એજન્સી જે.કે. સીકયુરીટી માહે જુલાઈ-૨૦૧૭ નું બિલ.

**ઓડીટ અવલોકન :**

ફાયર બ્રિગેડ શાખા ધ્વારા ડ્રાઈવર પુરા પાડતી એજન્સી જે.કે. સિકયુરીટીનું માહે જુલાઈ-૨૦૧૭ નું રૂા.૩,૪૬,૯૩૯.૮૨/- જી.એસ.ટી. સહીતનું બિલ ઓડીટ શાખામાં રજુ થયેલ હતું.

ઓડીટ ચકાસણી દરમ્યાન માલુમ પડેલ કે ફાગર બ્રિગેડમાં સેવા પુરી પાડતી સંસ્થા (એજન્સી)ને જી.એસ.ટી.માંથી મુકિત મળેલ હોય જેમાં જી.એસ.ટી. લગાડવામાં આવતો નથી.

આ અંગે ઓડીટે વાંધો લેતા શાખા ધ્વારા વાંધો માન્ય રાખી જી.એસ.ટી. બાદ કરી સુધારેલ બિલ રૂા.૨,૯૪,૦૧૬.૮૦ નું ઓડીટમાં રજુ થયેલ સુધારેલ રકમનું બિલ ઓડીટ કરેલ છે.

## અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૫૨૯૨૩

## સાંસ્કૃતિક વિભાગ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : આસી. મેનેજર | તા.૨૬/૯/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૧૩૭૫૨ | તા.૨૦/૯/૧૭ |
| શાખા બીલ નંબર | : ૩૪૨ | તા.૮/૯/૧૭ |
| બીલની રકમ | : ૧૯,૫૭૪/- | તા. |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૧૪,૮૮૬/- | |
| અટકાવવામાં આવેલ ઓ.પેમેન્ટ | : ૪,૪૮૮/- | |

**વિષય :** જુદા જુદા કાર્યક્રમોમાં પુસ્તકો અંગેનું બિલ.

**ઓડીટ અવલોકન :**

સાંસ્કૃતિક વિકાસ વિભાગ ધ્વારા સર્વરોગ નિદાન કેમ્પ, મ.લ.ક.વિ. શાળા બિલ્ડીંગનું લોકાર્પણ, સ્વચ્છતા સંદેશ અને તેનું પાલન, સ્વચ્છ ભારત મિશન ઈનામ વિતરણ કાર્યક્રમોમાં અભિયાનો અન્વયે પુરસ્કાર સ્વરૂપ પુસ્તકો વિતરણ અંગેનું બિલ રકમ રૂા.૧૯,૫૭૪/- નું રજુ કરવામાં આવેલ.

ઓડીટ અવલોકન ધ્વારા ઉકત બિલની રકમમાં ભૂલ જણાતા સા.વિ.વિ.ને બિલ પરત મોકલાવેલ.

ઓડીટ વાંધો માન્ય રાખી સા.વિ.વિ. શાખા ધ્વારા બિલની રકમમાં સુધારો કરી, ૧૪,૮૮૬/- રૂપિયાનું સુધારેલ બિલ પ્રી-ઓડિટ અર્થે રજૂ કરેલ. જે પાસ કરવામાં આવેલ છે.

**અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૪૪૮૮**

## કાલાવડ રોડ, સ્વીમીંગ પુલ શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : ઓ.એસ.ડી. | તા.૨૪/૭/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૫૧૨ | તા.૩૦/૭/૧૭ |
| શાખા બીલ નંબર | : ૬ | તા.૨૩/૫/૧૭ |
| બીલની રકમ | : ૧,૩૮,૨૭૯/- | તા. |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૭૭,૭૯૪/- | |
| અટકાવવામાં આવેલ ઓ.પેમેન્ટ | : ૬૦,૪૮૫/- | |

**વિષય :** રોજમદાર કર્મચારી શ્રી મુકેશ આર. ગોંડલીયાને ૨૫% ડેઈલી વેજીસ મુજબ ચૂકવવાની થતી રકમમાં સુધારા અંગે.

**ઓડીટ અવલોકન :**

કાલાવડ રોડ સ્વીમીંગ પુલના રોજમદાર કર્મચારી શ્રી મુકેશ આર. ગોંડલીયાને મહેકમ જા.નં.૨૩૩/તા.૨૮/૩/૧૭ ના કમીશ્નવર હુકમ અન્વયે તા.૧/૬/૦૪ થી તા.૩૦/૧૧/૧૭ સુધીનાં સસ્પેન્શનના સમયગાળાનું ૨૫% ડેઈલી વેજીસ ચૂકવવાનું બિલ ઓડીટ શાખામાં રજુ થયેલ. જેમાં ઓડીટ ચકાસણી દરમ્યાન દર્શાવેલ ડેઈલી વેજીસના દરમાં તથા રકમની ગણતરીમાં ભૂલ જણાયેલ. જે અંગે ઓડિટ શાખા ધ્વારા વાંધો ઉપસ્થિત કરાયેલ જે કાલાવડ રોડ સ્વીમીંગ પુલ શાખા ધ્વારા માન્ય રાખી વાંધા હેઠળની રકમ રૂા.૬૦,૪૮૫/- બાદ કરી સુધારીને રૂા.૭૭,૭૯૪/- નું રજુ કરેલ બિલ પાસ કરેલ છે.

### અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૬૦૪૮૫

## આવાસ યોજના શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : આસી. મેનેજર (આવાસ) | તા.૧૨/૯/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : એસ-૧૧૧૯ | તા.૨૪/૮/૧૭ |
| શાખા બીલ નંબર | : ૨૫૩ | તા.૨૩/૮/૧૭ |
| બીલની રકમ | : ૮૪,૪૫૮/- | તા. |
| સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ | : ૭૩,૩૯૦/- | |
| અટકાવવામાં આવેલ ઓ.પેમેન્ટ | : ૧૧,૦૬૮/- | |

**વિષય :** શ્રી ડી.સી. લખતરીયાને સાતમા પગાર પંચ મુજબ હકક રજા તફાવતની રકમ ચુકવવાનું બિલ.

**ઓડીટ અવલોકન :**

આવાસ યોજના શાખા ધ્વારા ડી.સી. લખતરીયાને સાતમા પગાર પંચ મુજબ હકક રજાના તફાવત અંગેનું રૂા.૮૪,૪૫૧/- નું ઓડીટ બીલ નં.૧૧૧૯, તા.૨૪/૮/૧૭ શાખા બિલ નં.૨૫૬, તા.૨૩/૮/૧૭ નું રજુ થયેલ.

ઓડીટ ચકાસણી દરમ્યાન માલુમ પડેલ કે, કર્મચારીને અગાઉ ચુકવેલ હકક રજાની રકમની બાદ કરેલા તેમાં ભુલ થયેલ જણાયેલ. આ અંગે ઓડીટે વાંધો લેતા શાખા ધ્વારા ઓડીટ વાંધો માન્ય રાખી રૂા.૭૩,૩૭૦/- નું સુધારેલ બિલ રજુ કરેલ સુધારેલ બિલ ઓડીટે પાસ કરેલ.

**અટકાવવામાં આવેલ ઓવર પેમેન્ટ : ૧૧૦૬૭**

## આરોગ્ય શાખા

| | | |
|---|---|---|
| ઉપાડ અધિકારીનો હોદો | : આરોગ્ય અધિકારી | તા.૭/૯/૧૭ |
| ઓડીટ બીલ નંબર | : ૧૦૯૮૨ | તા.૫/૮/૧૭ |
| શાખા બીલ નંબર | : ૨૧૮ | તા.૪/૮/૧૭ |
| બીલની કુલ રકમ | : ૮૬૬૪ | |

સુધારા બાદ રજુ થયેલ બીલની રકમ : ૯૬૬૪
